॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ આપણા બધાના પગ મગરે પકડેલા છે ॥

આદિ શંકરાચાર્યે નવ વર્ષની કુમળી વયે સંન્યાસ લેવાની ઈચ્છા દર્શાવી. અપૂર્વ પ્રતિભા હતી, જે વાત નેવું વર્ષના લોકોને નથી સમજાતી તે નવ વર્ષના બાળકને સ્પષ્ટ થઈ ગઈ. તે નદીમાં સ્નાન કરવા ગયા હતા. એક મગરે તેમનો પગ પકડી લીધો. 'મા' કિનારા પર ચીસો પાડી આક્રંદ કરવા લાગી. શંકરે 'મા'ને કહ્યું; 'હવે એક જ ઉપાય છે. 'મા' તું કહી દે કે જો હું બચી જઈશ તો મને સંન્યાસ લેવા દેશે. તો હું પ્રભુને પ્રાર્થના કરું. તો જ બચવામાં સાર છે. જો સંન્યાસ ન લેવાય તો ભલે મૃત્યુ થતું.' આવી સ્થિતિમાં કઈ 'મા' સંન્યાસ લેવાની ના પાડે ?

શંકરે પ્રભુને પ્રાર્થના કરી અને મગરે તેમનો પગ છોડી દીધો. 'ઓશો કહે છે તેમ; વાસ્તવમાં તો આપણો પગ પણ પકડાયો છે. મગરો માત્ર નદીમાં જ નથી હોતા. મગર રસ્તા પર, ઘરમાં, દુકાનોમાં, બજારોમાં જોવા મળે છે.' જાતજાતના મગરો છે. કોઈના પગને ધનના મગરે પકડ્યો છે, કોઈના પગને યશના મગરે પકડ્યો છે, કોઈના પગને અહંકાર તો કોઈના પગને રાજનીતિના મગરે પકડ્યો છે. બધે જ બધા પ્રકારના મગરો છે જે કોઈના ને કોઈના પગને પકડી રાખે છે.

આ મગરો છૂટી શકે છે. જો આપણે આપણા જીવનમાં વિલોમની પ્રક્રિયાનો પ્રારંભ કરીએ. નહિ તો જાતજાતના મગરો આપણને ખાતા રહેશે. સમયનો મગર તો આપણ સર્વને ક્ષણક્ષણ ખાતો જ રહે છે. જ્યાં સુધી અહંથી ભરેલા હઈશું ત્યાં સુધી 'એક'નો અનુભવ નહિ થાય. એમાં જ પરમ આનંદ છે, સચ્ચિદાનંદ છે.

—સંકલન

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ ૧૮ માર્ચ ૧૯૮૪ ॥

## (શ્રીગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીના સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્યદિન)

'ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન એમ જીવનના બે ખંડ નથી. જે દિવસે એ ધ્યાનમાં આવશે કે શરીરયાત્રા શબયાત્રાથી જુદી છે, એ 'શિવયાત્રા' છે. અને એ શિવયાત્રા કાજે જે પૈસા, ધન, સંપત્તિ, કમાણી છે; એ પણ આધ્યાત્મિક કર્મ છે, એ પણ ઉપાસના કર્મ છે અને એ માટે એટલી જ સાવધાનતા જરૂરી છે કે જે જપ કરતી વખતે રાખીએ છીએ.'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | પ.પૂ.શ્રીયોગેશ્વરજીની અંતિમ સારવાહી- અમર વાણીનો અંશ | શ્રીયોગેશ્વરજી | ૧૦ |
| ૩ | પ.પૂ.શ્રી'મા'નું સીધું આહ્‌વાન | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૧ |
| ૪ | સર્જન-વિસર્જનનો મહારાસ | સંપાદન | ૧૨ |
| ૫ | મહાત્મા શ્રીયોગેશ્વરજી : એક મહાનવિભૂતિ | શ્રીતરલા દેસાઈ | ૧૩ |
| ૬ | શ્રીયોગેશ્વરજી રચિત 'ગુજરાતી ઉપનિષદ' | સંકલન | ૨૩ |
| ૭ | 'અધ્યાત્મનો સદા ઝળહળ સૂર્ય' : શ્રીયોગેશ્વરજી | " | ૨૬ |
| ૮ | લક્ષ્મીનારાયણના મંદિરમાં | શ્રી ઈશ્વરભાઈ 'પરમાર્થી' | ૨૮ |
| ૯ | વિશ્વના કોઈપણ સાધુને પારખવાની સચોટ રીત | સંકલન | ૩૪ |
| ૧૦ | અકથ કહાની પ્રેમકી | અનુ. જયા મહેતા | ૩૮ |
| ૧૧ | પરમ પ્રેમમયી 'મા'નું સ્વદેશાગમન | સંકલન | ૪૯ |
| ૧૨ | શાશ્વત પર્વ તો પોતાના આત્માની ઉજવણી | " | ૫૦ |
| ૧૩ | 'સ્વર્ગારોહણ'માં પ.પૂ.શ્રી'મા'ની- સત્સંગ-અમૃતધારા | " | ૫૧ |
| ૧૪ | 'સ્વર્ગારોહણ'માં પ.પૂ.શ્રી'મા'ની સ્નેહસંનિધિ | " | ૫૭ |
| ૧૫ | હૃદયનું એક જ શાસ્ત્ર છે 'પ્રેમ' | " | ૬૦ |
| ૧૬ | શ્રીલાભુબહેનની અંતિમ વિદાય | શ્રી'મા' સર્વેશ્વરી | ૬૩ |
| ૧૭ | 'હવેના બધા જ શ્વાસો ઠાકુર માટે જ' | શ્રી'મા' સર્વેશ્વરી | ૬૫ |

## નિવેદન : ન હન્યતે હન્યમાને શરીરે

પરમ ગુરુ ભગવંત પૂજ્ય શ્રીયોગેશ્વરજીનું 'સાર્થક જીવન' જોતાં જણાય છે કે, 'આત્મલાભ જેવી સર્વાંગસુંદર કોઈ ઉપલબ્ધિ નથી.' ત્રિકાલાબાધિત સત્ય સ્વરૂપનું કાળ પણ હરણ કરી શકતો નથી. સર્વથી મોટી સંપદા આત્મસ્વરૂપ છે. પ્રલય થઈ જાય તો પણ જે સ્વસ્વરૂપ છે, તેને છીનવી લેવાની શક્તિ કોઈમાં અરે મૃત્યુમાં પણ નથી. જેમની આત્મસત્તા પરમાત્મા સ્વરૂપમાં વ્યાપક છે. પરમાત્મા જ જેમના દેહમાં ઓતપ્રોત રહ્યા હોય એમને જીવન-મૃત્યુ વચ્ચે અભેદ છે.

આપણી આંખો સૂર્ય દેખી ન શકે ત્યારે આપણે સૂર્યાસ્ત થયો એમ કહીએ છીએ. પરંતુ સૂર્ય અસ્ત થતો નથી. સૂર્ય માટે ન ઉદય છે ન અસ્ત ! ન દિવસ ન રાત ! એને આખું વિશ્વ ચૈતન્યમય દેખાય છે. એમની રગરગમાં આત્મબોધ-પરમાત્માબોધ સિવાય બીજું કંઈ શેષ નથી.

પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીની પરમ ચેતના સાથેનું પૂ.શ્રી'મા'નું સાયુજ્ય એમને સતત ઓગાળતું-દ્રવીભૂત કરતું રહ્યું. ૧૯૭૦થી આજ સુધી પોતાના અંતર્ગુરુને આરાધતાં રહીને, અંદર-બહાર અખંડ ગુરુતત્ત્વનો મહિમા તેઓશ્રી કરતાં રહ્યાં. દૃઢ શ્રદ્ધા રહી, ગુરુપદમાં બિરાજમાન શ્રીયોગેશ્વરજીના માનવીય સ્વરૂપમાં છતાં તેમનું ઈશ્વરસ્વરૂપ પણ નિઃસંશયરૂપે અંતઃકરણમાં અવિચલ રહ્યું. સતતવાહી પ્રેમ-સમર્પણનું નીરવ ગાન એમાં સંભળાયા કરે છે. પરમ સખા શ્યામનું દિનરાતનું સ્મરણ-રટણ પૂજ્યશ્રીના પૃથ્વી પર સાથે ને સાથે વિચરણ કરવા માટેનું નિમિત્ત બન્યાનો અહેસાસ છે. પૂ.શ્રી'મા'ના મન-અંતરમાં એ એવા પ્રબળ પ્રેમનું સામ્રાજ્ય સ્થાપી દે છે કે, પ્રતિક્ષણ વધતો વિસ્તાર પ્રસ્તાર જ પૂ.શ્રી'મા'ની સમગ્ર હયાતીનો પર્યાય બની રહે છે.

સર્વ ભાવે પ્રભુને સમર્પિત થઈ જવાથી પૂ.શ્રી'મા' પાસે પોતાનું કશું રહ્યું જ નથી, નથી એમને પોતાનું ઘર નથી મંદિર ! સમગ્ર વિશ્વ જ તેમનું ઘર-મંદિર !

કબીરની જેમ તેઓશ્રી સહજ કહી શકે છે :

'કાયા મધે કોટિ તીરથ, કાયા મધે કાસી
કાયા મધે કમલાપતિ, કાયા મધે વૈકુંઠવાસી.'

પ્રત્યેક ભાવિકના હૃદયના સરોવરમાં સદા પ્રતિષ્ઠિત 'અવિનાશી સ્વરૂપ શ્રીયોગેશ્વરજી'ને કોટી કોટી પ્રણામ !

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## તા.૩/૬/૧૯૮૩, શનિવાર. વૈશાખ વદ સાતમ, વિ.સં.૨૦૪૦

### સ્થળ : ઋષિકેશ.

સવારે પૂ.શ્રીએ પરમશક્તિ પાસેથી આજે આરામ કરવાની કે રહેવાની રજા માગી લીધી. સવારે આરામ જ કર્યો. થોડી શરદીની અસર હતી, જેથી ભોજન બાદ પણ આરામ જ કર્યો.

વચ્ચે એક કલાક સૌ સત્સંગ માટે આવ્યા. પૂ.શ્રીએ, સૌને યાત્રા કેવી લાગી, કંઈ અનુભવ કે ચમત્કાર થયા કે કેમ ? એ અંગે પ્રશ્નો પૂછ્યા. સૌએ નીચે મુજબની વાતો કરી :

સૌનું તો ઘણા દિવસોથી યાત્રાએ આવવાનું નક્કી હતું પણ મારું તો ૧૨ કલાકમાં જ થઈ ગયું તે જ ચમત્કાર ! વળી હવે આપની પાસેથી ચા છોડવાનો સંકલ્પ કર્યા પછી ચા જોઉં છું તો પણ પીવાનું મન જ થતું નથી ! —શ્રીલાલાજી

ગંગોત્રી ગયા ને આવ્યા એજ મોટો ચમત્કાર છે—શ્રી હરિદાસ

ગાડી સારી રીતે ગઈ ને પાછી આવી એ ચમત્કાર અનુભવવા મળ્યો - શ્રીજીતુભાઈ ગાંધી

યાત્રા નિર્વિઘ્ને થઈ. અમને તો આપના કહ્યા મુજબ વડોદરાથી હરિદ્વાર ટ્રેઈનમાં આવ્યા તો ખૂબ સગવડ રહી. સુતા-સુતા જ આવ્યા. અને ટિકિટ તો છેવટ સુધી મળી ન હતી ! પ્લેટફોર્મ પર એક સીટ મળી ને બીજી બીજા જ સ્ટેશને વગર કહ્યે સીટ આપી દીધી ! — શ્રી કલોલા

મને તો ઋષિકેશમાં પહાડનો માર્ગ જોયો ત્યારથી જ ચક્કર આવતા હતા. પણ પ્રભુ સાથે યાત્રા કરી તો ચક્કર આવ્યા જ નહિ, માથુ દુખ્યું જ નહિ ! એ અનુભવવા મળ્યું - શ્રી જ્યોત્સ્નાબેન કલોલા

ફીયાટ જેવી ગાડી એ માર્ગે મારા જીવનમાં જોઈ નથી, એમ ડ્રાઈવરે જે કહ્યું તે સાચું. એ ગાડીમાં નિર્વિઘ્ને યાત્રા થઈ એ જ આપની કૃપા. —શ્રી મોહનલાલ

૧૦ કિલોમીટર બસમાં કે ગાડીમાં બેસીએ એટલે માથાનો દુઃખાવો શરૂ થઈ જાય. તે આ યાત્રાની આટલી મોટી મુસાફરીમાં કંઈ તકલીફ જ ન પડી. - શ્રીસુશીલાબેન

ભટવાડીમાં અમને એક એવા સામાન્ય સાધુ મળ્યા, જેમને કંઈક ખવડાવવાની વાત કરી તો ગુસ્સે થઈને કહેવા લાગ્યા, 'તું શું મને ખવડાવવાનો હતો ? તારું જ પેટ હજી ભરાયું નથી ને !' અને પછી જીતુભાઈએ બુંદીના લાડુ આપ્યા તો ચાર લાડુ હતા તેમાંથી એક અમને પ્રસાદરૂપે વહેંચવા આપી દીધો ને ત્રણ કૂતરાને ખવડાવી દીધા ! એવા કોઈ આપણા અહંકારને લાત મારતા હોય એને આપણે ક્યાંથી ઓળખી શકીએ ? —શ્રી ઈશ્વરભાઈ

પૂ.શ્રી : 'અમારી સાથે સિદ્ધપુરુષો હતા તે કાંઈ બધાને થોડા દેખાય ? ચોરે ને ચૌટે તે થોડા ફરે છે ? તેઓ ઉત્તરકાશીથી સાથે જ હતા. સાંઈબાબા પણ હતા. યાત્રા કેવી સફળ રહી ! તેઓ અમારા દર્શન માટે જ સાથે ફરતા હતા.'

'આપણે સિદ્ધપુરુષોને શી રીતે જોઈ શકીએ ? કંઈક સાધન-ભજન કરવાના સંકલ્પ કરીએ, સિદ્ધ થવાના પ્રયત્ન કરીએ. તમારી સાથે જ આ સિદ્ધપુરુષ છે તેને તો જાણો.' (પૂ.શ્રીએ પોતાની સામે જ - હૃદયપ્રદેશ ઉપર અંગુલિનિર્દેશ કરીને કહ્યું).

સૌ શાંતિપૂર્વક સાંભળી રહ્યા. ત્રણ વાગ્યે સૌ છૂટા પડ્યા. પૂ.શ્રીએ આરામ જ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીની અંતિમ સારવાહી અમર વાણીનો અંશ ॥

ઈ.સ.૧૯૮૪માં ૧૮ માર્ચથી ૨૫ માર્ચ મુંબઈના કાંદિવલીના લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં શ્રી યોગેશ્વરજીના શ્રીમદ્ ભાગવત ઉપર પ્રવચનોનું આયોજન કરાયું હતું. શ્રી યોગેશ્વરે ૧૮ માર્ચે સવારે 'મા' સર્વેશ્વરી સાથે નાસ્તો કર્યા બાદ અચાનક તેમને કહ્યું તમે અહીં આવો. મારે આશીર્વાદ આપવા છે. હું કોઈનું દેવું રાખતો નથી' એમ કહી, 'મા' સર્વેશ્વરીના માથા પર ને પીઠ ઉપર હાથ ફેરવ્યો. પછી પ્રવચનસ્થળે હંમેશની જેમ 'મા'ના ભજન બાદ યોગેશ્વરે પ્રવચન શરૂ કર્યું ૧૮ મિનિટ તે ચાલ્યું, તેની સારવાહી વાણી રહસ્યમય રહી. 'હે જીવ જે તારું નથી શરીર તેને તું તારું સમજી બેઠો. જે ઘર તારું નથી. કુટુંબીઓ, સ્વજનો તારાં નથી તેને તારાં સમજી બેઠો અને પોતાનો જે 'સ્વ' છે, તે પરમાત્મા જેનો તું અંશ છે. તેનું તું વિસ્મરણ કરીને સંસારની અંદર ફરે છે.'

'જો તારે શાંતિની સંપ્રાપ્તિ કરવી હોય જીવનને કૃતાર્થ કરવું હોય તો હવે તું ફરીથી જ્યાંથી ભૂલ્યો છે ત્યાંથી ફરી ગણ અને ભાગવત-ભગવાનનો થઈ જા. તો કથાને હવે આગળ સાંભળવાની આવશ્યકતા છે ?'

'પ્રવાસીના પ્રવાસની પૂર્ણાહુતિ ત્યારે જ થાય જ્યારે તે પાછો પોતાના મૂળ ઘરમાં આવે. જ્યાં સુધી પોતાના મૂળ ઘરમાં પ્રવેશ ના કરે ત્યાં સુધી પ્રવાસની પરિસમાપ્તિ થાય નહિ.'

'મા' સર્વેશ્વરીએ ૨૫/૭/૮૪ના રોજ શ્રી યોગેશ્વરજીના લીલાસંવરણ પ્રસંગને અનુલક્ષીને કહ્યું 'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી.'

આજે પણ 'મા' સર્વેશ્વરી પોતાના પરમ સદ્‌ગુરુ માટે સ્વયં મહામૃત્યુંજય મંત્રનું જાણે સાકાર સ્વરૂપ બનીને તેમના જીવનકાર્યને અક્ષુણ્ણ અમર, અખંડ રાખવા પ્રત્યેક પળે પ્રાણપણે મથતાં રહી અધ્યાત્મવિશ્વને પ્રતીત કરાવી રહ્યાં છે કે, 'શ્રીયોગેશ્વરજ્યોત અનસ્ત રહી છે, રહેશે !'

**—સંકલન**

## ॥ પૂ.શ્રી'મા'નું સીધું આહ્વાન ॥

ગુરુકૃપાનો મહાપ્રસાદ આ જીવનના એકેએક પૃષ્ઠ પર પથરાયેલો છે.

પૃથ્વી ઉપર ગુરુમહિમાને પુનઃ જીવિત કરવા કોણે આ પુરુષાર્થનો પ્રારંભ કર્યો ? આ ઉજ્જવળ, સાધનાપરાયણ જીવન પાછળ કોનો દોરીસંચાર છે. પામી લો. વધાવી લો. સ્વીકારી લો એને !

એ સામાન્ય માનવદેહ ધરી, અસામાન્ય દૈવી કાર્ય કર્યા કરે છે. હજાર આંખથી સૌને સંભાળ્યા કરે છે. હજાર કાનથી સૌને સાંભળ્યા કરે છે. હજાર ચરણોથી પાછળ દોડ્યા કરે છે. હજાર હાથોથી આશીર્વાદ ધર્યા કરે છે.

એ છે કોણ ! એના અંગપ્રત્યંગમાં વસતા ચિન્મય તત્ત્વને અનુભવી લઈએ.

તને જ આ તક મળી છે. શંકા, કુશંકા, વહેમ, વાદવિવાદ, ચર્ચામાં સમય ના વેડફ.

અમૂલ્ય ક્ષણોને શ્રદ્ધાથી વધાવી લે.

જાગીને જાણી લે.

પામી લે.

વધાવી લે.

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ સર્જન-વિસર્જનનો મહારાસ ॥

સૃષ્ટિમાં સર્જન-વિસર્જનનો મહારાસ ચાલ્યા જ કરે છે. માનવચિત્તમાં પણ રજસ્-તમસ્‌નાં જાળાં વિખેરાતાં સાત્ત્વિકતાનો પ્રકાશ રેલાઈ રહે છે.

પ્રકૃતિ મૂકભાવે સૃષ્ટિમાં અવિરત ચાલતા વિસર્જન-સર્જનનો રાસ નિહાળ્યા કરે છે. ખખડધજ વૃક્ષોની સાથે કેટલાંય કોમળ-ખીલ્યાં, અધખિલ્યાં-ખીલું ખીલું કરતાં એવાં (કેટલાં) પુષ્પો, પર્ણો, ડાળીઓ સાથેના નાનાં-નાનાં છોડવા પર થતા કોદાળીના પ્રહાર સાક્ષીભાવે નિરખ્યા કરે છે. પ્રાપ્ત પરિસ્થિતિ સામે વેદનાનો પ્રત્યાઘાત તો નહિ જ પણ પ્રતિકાર, સામા આડા અવરોધની કોઈ કલ્પના સુદ્ધાં નહિ. નિયતિની કેવળ અબોલ-મૂક સ્વીકૃતિ. ક્યાંક હતા તો રહ્યા. હવે વિદાય લેવાની આવી તો ચાલ્યા. ન રીસ ન રોષ, ન કોઈ આગ્રહ, ન કોઈ અપેક્ષા. 'હોવાનું' હતું કોઈક કાળ તો હતા. 'ન હોવાનું' આવ્યું તો હવે નથી. 'છે-નથી'ની વિધિરમતનો સહજ સ્વીકાર.

પ્રકૃતિને કેવળ જાણ જ નહિ, ઊંડી શ્રદ્ધા છે કે, પરમ સત્તા જ સર્વ કાંઈ કરે છે પણ એ કરવા પાછળ એનો કોઈ અંગત હેતુ નથી હોતો. એ જે કંઈ કરે છે એ 'લીલા' કરે છે. સૃષ્ટિના સઘળાં તત્ત્વો સાથે એને એકસરખો આત્મીયતાનો નાતો છે. એટલે એ સર્વેશ્વરના અંશ બની રહેવામાં-હોવામાં-જવામાં જ આપણા અસ્તિત્વની કૃતાર્થતા છે. પરમતત્ત્વ સાથે હૃદયની સંવાદિતા હોવી એ જ ધન્યતા છે. આ સૂક્ષ્મ ભાવાનુભૂતિ જેને હોય એ સ્થૂળ, ભૌતિક કે બાહ્ય ગડમથલમાં શા માટે પડે ? એને માટે તકરાર શું કરે ? આપણે એનાં બાળક છીએ, એટલે આપણા હિત-અહિત-કલ્યાણની ચિંતા એને શિર ! આપણે એ પળોજણમાં શીદ પડવું ? એની પ્રેમ વ્યક્ત કરવાની જે રીત હોય એ આપણને મંજૂર છે. એ મારે કે તારે એ જાણે આપણે શું ?

રામ રાખે તેમ રહીએ.

**—સંકલન**

**(વિમલાજીના પ્રવચનમાંથી સાભાર)**

## ॥ મહાત્મા શ્રીયોગેશ્વરજી : એક મહાન વિભૂતિ ॥

આ 'અધ્યાત્મનો સૂર્ય' કોઈ જુદા જ આકાશમાં ઝળહળે છે એને નથી ઉદય, નથી અસ્ત ! એ સૂર્યનું તેજ કોઈ 'જુદેરો મુલક' જ દર્શાવે છે, જ્યાં પહોંચવા યુગોના યુગો પણ ઓછા પડે. આવા મહિમાવંત છે, 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય' છે આપણા પરમ વંદનીય શ્રીગુરુ ભગવંત શ્રીયોગેશ્વરજી.

પરમ જ્ઞાની શ્રીયોગેશ્વરજી કોઈ વ્યક્તિ નથી પણ શુદ્ધ અસ્તિત્વનું સત્ય છે. તેમનું દર્શન કરવું એ પોતાના અસ્તિત્વના સત્યને જગાડવા-ઢંઢોળવા જેવું છે. અલબત્ત, આ દર્શન સ્થૂળ હોવું જરૂરી નથી. તેઓશ્રી સાથેનું કોઈપણ સંધાન સત્ય અને પ્રકાશની જીવંત ઉપસ્થિતિમાં લઈ જવા પૂરતું છે. આજે આપણે બ્રહ્મસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ-ત્રિલોકનાથ રૂપે તેઓશ્રીનું અભિવાદન કરીએ છીએ, જે સર્વથા ઉચિત એટલા માટે છે કે તેઓશ્રીની જીવનભરની અવિશ્રાન્ત સાધનાનું એ સહજ પરિણમન છે. આમ તો એક વ્યક્તિનું જાગૃત થઈ જવું સમસ્ત માનવજાતમાં જાગરણની એક લહેર પહોંચાડી દે છે. આ ભીતરનું અર્થશાસ્ત્ર છે જેમાં એક મેળવે છે, સર્વને મળે છે. શાયરાના અંદાઝમાં કહેવું હોય તો 'એક થકતા હૈ ઔર ચૈન પાતી હૈ સારી દુનિયા' કહે છે; 'એકને જો આત્મોપલબ્ધિ થાય તો એની સંનિધિમાં આવનાર દરેકનું આત્મતત્ત્વ ઉપર તરી આવે છે ને અહંકારનું તત્ત્વ નીચે બેસતું જાય છે.'

આવી 'ચમત્કારક વિભૂતિ' માટે વિચારવું, બોલવું, લખવું કે વાંચવું સ્વયં સાધનાનો એક ભાગ બની, અધ્યાત્મમાર્ગે મોટો સહારો બની જાય.

શ્રીયોગેશ્વરજી જેવા મહાત્માને ઓળખવા જતાં એક પ્રતીતિ

ચોક્કસ થાય છે કે, 'આપણે તેમને ઓળખીએ છીએ એમ કહી શકાતું નથી. તો તેમને નથી ઓળખતા એવું પણ કહી શકાય એમ નથી. કેમકે તેમના અનુગ્રહથી, તેઓશ્રીના જ કૃપાપ્રસાદ પૂજ્યશ્રી'મા'ની કૃપાથી આપણી આગળ તેમનું આછું 'સ્વરૂપ' પણ પ્રગટી શક્યું છે.'

બીજી રીતે કહીએ તો પૂજ્યશ્રી'મા'નું સ્વરૂપ જેમ જેમ આપણી આગળ સ્ફુટ થતું જાય છે તેમ તેમ સમાંતરે પૂજ્યશ્રી યોગેશ્વરજીનું સ્વરૂપ વધારે ને વધારે સ્પષ્ટ થતું જાય છે. આપણા સદ્ભાગ્યે સદ્ગુરુનું સાચું પ્રતિબિંબ પૂ.'મા'ના સ્વચ્છ, પવિત્ર, નિર્મળ દર્પણથી જ પ્રાપ્ત થઈ શક્યું છે.

તેમાંય જ્યારે 'મા' કહે કે, 'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી, સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગી જઈને વધુ વ્યાપક ને સઘનરૂપે પ્રગટ થયા છે.' ત્યારે આપણી દૃષ્ટિ પૂ.'મા'ની આત્મશ્રી પર સ્થિર થાય. ને સદ્ગુરુશ્રીની શાશ્વતી સહેજે અનુભવાય.

વળી પૂજ્યશ્રી'મા'એ તો એક જ વાક્યમાં એ પરમ વિભૂતિનો સારસર્વસ્વ અધ્યાત્મવિશ્વને ધરી દીધું છે; એ વાક્ય છે : 'તેઓશ્રી પોતાના જીવનની પ્રત્યેક પળ જાગૃતિપૂર્વક જીવ્યા છે.' આ એક જ 'વાક્ય-મહાવાક્યની ધરી' પર આજનો વાર્તાલાપ ઊભો છે.

કોઈને પ્રશ્ન થાય કે બધાં જીવે છે તો 'જાગૃતપૂર્વક' અવસ્થામાં જ પણ વસ્તુતઃ જીવવા માટે જગતમાં દરેકની સામે બે દિશાઓ ખૂલતી હોય છે. એક બહારની અને બીજી ભીતરની જો યોગેશ્વરજી બહારની દિશામાં જ જીવ્યા હોત તો આપણા બધાની જેમ આંખો મીંચીને જીવ્યે જાત, પણ જીવી બતાવત નહિ. સરોડાનો એક ગરીબ ખેડૂતપુત્ર ૯ વર્ષની કુમળી વયે પિતાજીનું છત્ર ગુમાવતાં, મામાની સાથે મુંબઈ જઈ

અનાથાશ્રમમાં ભણી, કૉલેજનો અભ્યાસ પૂરો કરી, વાંચવાનો-લખવાનો બહુ શોખ હતો, કૌશલ્ય પણ હતું એટલે ગુજરાતીમાં પ્રૉફેસર થઈ, ન્યાતનાં માગાં બહુ આવતાં હતાં એટલે કોઈ કુલીન કન્યા સાથે સંસાર માંડી, ધન, પદ, પ્રતિષ્ઠાના મોહમાં મોહમયી નગરીની ભીડમાં ભળી જઈ, વાત્સલ્યમૂર્તિ માતા તેમજ સ્નેહમૂર્તિ બહેનની સુરક્ષામાં તા.૧૫ ઑગસ્ટ થી ૧૮ માર્ચ ૧૯૮૪ સુધી પોતાને એનાયત થયેલો સમય સુખેથી પસાર કરી શક્યા હોત. બહુ બહુ તો એક સારા સમાજસેવક, અદના રાષ્ટ્રભક્ત, કે ઉત્તમ સાહિત્યકાર તરીકે, અધ્યાત્મપ્રિય એક સજ્જન, સત્યપ્રિય વ્યક્તિ તરીકે નામના કમાઈ શક્યા હોત. પણ આ બધી સંપદા મૃત્યુપર્યન્ત જ સાથે રહેત. અને પેલા સોલોમનની જેમ સોમવારે જન્મ્યો, મંગળવારે શાળાએ ગયો, બુધવારે નોકરી કરી, ગુરુવારે પરણ્યો, શુક્રવારે સંસાર માંડ્યો, શનિવારે માંદો પડ્યો, રવિવારે મરી ગયો. પરંતુ મરણશીલ હોવા છતાં પોતે 'અમૃતસ્ય પુત્ર' તરીકેની પોતાની ઓળખનું કદી વિસ્મરણ ન કર્યું.

યોગેશ્વરજીએ બહારની દિશાનો ઉપયોગ એક બાહ્ય આવરણ પૂરતો જ કર્યો. ખાવાનું-પીવાનું-રહેવાનું-પહેરવા-ઓઢવાનું બધું સંયત. ખપ પૂરતું જ. પુત્ર તરીકે માતાનું દાયિત્વ બહુ જ પ્રેમથી જીવનભર સાચવ્યું, સંવર્ધ્યું, ગૌરવ અર્પ્યું. તેઓશ્રી બીજી ભીતરની દિશામાં ચાલી નીકળ્યા, સ્વયં સુધી પહોંચ્યા, પરમાત્મા પ્રાપ્ત કરી લીધા, તીવ્રતા-લગન એટલાં વધી ગયાં કે સ્વયં પરમાત્માસ્વરૂપ બની રહ્યા.

જે સરોડાનો કુળદીપક થઈને અટકી જાત એ જોતજોતામાં 'અધ્યાત્મનો સૂર્ય' સિદ્ધ થયા.

આપણે ત્યાં સંત-મહાત્માના જન્મને સામાન્યતઃ 'યોગભ્રષ્ટ આત્મા' તરીકે ઘટાવીએ છીએ. પણ યોગેશ્વરજી એ માન્યતાને રદિયો આપતાં સ્પષ્ટ કહે છે 'મારા શરીરનો જન્મ તદ્દન

સામાન્ય લૌકિક રીતે જ થયો હતો.' અર્થાત્ જન્મ સાધારણ, જીવનઅતિ અસાધારણ જીવ્યા, દૃઢ સંકલ્પ અડગ નિર્ધારને બળે ! 'દૈવયતમ્ કુલે જન્મ મહાયત્તં તુ પૌરુષમ્' નું જીવતું-જાગતું ઉદાહરણ બન્યા.

એક સામાન્ય ખેડૂતપુત્ર ઈશ્વર પ્રત્યેની અદમ્ય પ્રીતિનું અંતરમાં વાવેતર કરી, એનું હર હાલમાં પ્રાણપણે જતન કરીને, મનુષ્યત્વની સંભવિત સર્વ ઊંચાઈઓને આંબીને; પૂર્ણ દેવત્વ સુધી પહોંચી ગયા !

આમાં કોઈ દૈવી ચમત્કાર ન હતો. જીવનની એકેએક ક્ષણની જાગૃતિ, અપ્રમાદ, આજીવન કઠોરમાં કઠોર પરિશ્રમ, કઠિનમાં કઠિન તપશ્ચર્યાથી સિદ્ધ કરેલી હકીકત હતી.

પૂજ્યશ્રી યોગેશ્વરજી 'પ્રકાશના પંથે'માં બહુ પારદર્શક રીતે પોતાના વ્યક્તિત્વના બહિરંગ તેમજ અંતરંગ બંને રૂપોને સમાંતર રીતે પ્રસ્તુત કરે છે.

આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ કે પિતાવિહીન બાળકને મુંબઈ લઈ જવામાં આવે છે પણ એ વેદના-ફરિયાદનો એક હરફ સુદ્ધાં નથી ઉચ્ચારતો. પ્રતિકૂળ પરિસ્થિતિ સાથે સંઘર્ષમાં ઉતરવાને બદલે એમાંનાં શુભતત્ત્વો જેવાં કે સાદગી, નિયમિતતા, સ્વચ્છતા, સ્વાશ્રય, સ્વાસ્થ્યજાળવણી, વ્યાયામની અગત્યતા જેવા પદાર્થપાઠને માથે ચઢાવે છે. સદ્ગ્રંથોનું વાંચન, શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ, સામાયિકમાં રસ, સાહિત્યલેખન, હૉસ્ટેલના ગૃહપતિના દુર્વ્યવહાર સામે તેમના કલ્યાણ માટેની પ્રાર્થના માટે સહાધ્યાયીઓને પ્રેરવા. એવાં અંતરંગને સમૃદ્ધ કરતાં તત્ત્વો આત્મસાત્ કરી લે છે.

છેક કૉલેજકાળ સુધી ગરીબી, સ્વજનવિહીન એકલતા, જેવાં બાહ્ય પરિબળો એને અભાવગ્રસ્ત બનાવવાને બદલે સ્વભાવની

નજીક લાવતાં જાય છે. તે એટલે હદ સુધી કે શ્રીરામકૃષ્ણ જેવી જગદંબાની આરાધના કરી, અધ્યાત્મમાર્ગે જ આગળ વધવા-જપ, ધ્યાન, મૌન, જાગરણ, અભય, જેવાં સાધનો અનાયાસ જ એમને આકર્ષવા લાગ્યાં. બહારની દુનિયા સાથે ખપ પૂરતી નિસબત રાખી સ્વયં આંતરવિશ્વમાં રત રહેવા લાગ્યા. પછી તો સ્વામી રામતીર્થના પુસ્તકના પ્રભાવથી એમનું હૃદય હિમાલય માટે અદમ્ય આકર્ષણ અનુભવવા લાગ્યું. કોઈ ધન્ય ક્ષણે મુંબઈ, વડોદરા, સરોડા-ગુજરાત, સમસ્ત સંસાર તજી હિમાલય જવાનો નિર્ણય થઈ ગયો. તૈયારીઓ (બુટ નહિ પહેરવાની, કોટ નહિ પહેરવાની) આરંભી દીધી. પોતાના લેખોની કમાણી એકઠી કરવા નીકળેલ તેમને સ્વામી અખંડાનંદજીની વિશિષ્ટ સહાય મળી, શુદ્ધ હૃદયની શુભેચ્છા મળી ને છેવટે તેઓશ્રી હિમાલય પહોંચીને જ રહ્યા. શિવાનંદ સ્વામીનો જાકારો પણ તેમને નિરુત્સાહિતિ ન કરી શક્યો. અને આવામાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં તેમની શ્રદ્ધા ઑર દૃઢ થઈ.

પછી તો ૧૯૪૧માં હૃષીકેશ જઈ, હિમાલયની હાડ થિજાવી નાખતી ઠંડીમાં પૂરાં વીસ વર્ષ આકરી તપશ્ચર્યા કરી. સાધનાના જટિલ પથ પર કેવળ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, જગદંબાનો આશ્રય લઈને, પ્રકાશનો પંથ એકલે હાથે જ ખેડ્યો. સતત સાવધ, જાગ્રત, કડક આત્મનિરીક્ષક રહીને અપૂર્વ લગન, અપાર ધીરજ અપ્રતિમ હિંમત, અનન્ય ત્યાગ, સમર્પણભાવથી અનેક વ્રતો, ઉપવાસો, પ્રાર્થનાઓ, ધ્યાન, સત્સંગ, સમાધિ વગેરેના અગણિત પ્રયોગોથી છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા. જગદંબાનો સાક્ષાત્કાર જ નહિ, એમની અહર્નિશ સંનિધિ સ્વયંમાં અનુભવી. ઈશ્વર સાથે પળપળનું અનુસંધાન તેમજ 'મા' જગદંબાની પ્રગટ અવતરેલી શક્તિસ્વરૂપા 'મા' સર્વેશ્વરીના સામીપ્યની વિરલ અનુભૂતિ કરી.

પોતે પૂર્વજન્મમાં રામકૃષ્ણદેવ હતા આ જ્ઞાન, વર્ષો સુધી

જુદી જુદી રીતે થયું હોવા છતાં છેક ૩૩ વર્ષ પછી પ્રગટ કર્યું અને તે પણ એમ કહીને કે 'આ જ્ઞાન મને મારા લાભ માટે મળેલું છે. મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું.' પાછી આ વાતને વધારે વિશદ રીતે સ્પષ્ટ કરતાં કહ્યું; 'આપણે બધા પ્રભુમાંથી અવતરણ પામેલા, પ્રભુના અવતારો જ છીએ ને !' અધ્યાત્મ જગતમાં ચકચાર જગાવી દે, વિવાદનાં વંટોળ ઊભી કરે એ ઘટના પર કેટલી શાંતિથી ઠંડું પાણી રેડી દે છે !

તેઓશ્રીએ પોતાને માટે 'હિમાલય નિવાસી કે વિશ્વનિવાસી' નહિ પણ 'બધે નિવાસી' લખવાનું કહ્યું.

તો જેમની ચેતના આવી વિશાળી, સર્વવ્યાપી બની ગઈ છે તે આત્મકલ્યાણના ઉચ્ચતમ શિખરે આરૂઢ થઈ બેસી નથી ગયા. વિશ્વકલ્યાણનો આદર્શ હંમેશ નજર સમક્ષ રાખી, દેશવિદેશમાં વિહરી સાચો જીવનસંદેશ આપ્યો.

અધ્યાત્મલક્ષી સત્ત્વસમૃદ્ધ, વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો આપ્યાં. અનેક શિબિરો યોજી, વિવિધ ધ્યાનકેન્દ્ર સ્થાપવાની પ્રેરણા આપી. 'અધ્યાત્મ' સામાયિકની સંસ્થાપના કરી. લોકસંગ્રહાર્થે અનેક ઉચ્ચ કોટિનાં પ્રકાશનો કિફાયત ભાવે વેચાણ માટે મૂક્યાં. 'સર્વમંગલ ટ્રસ્ટ' લોકકલ્યાણનાં કાર્યો માટે સ્થાપ્યું. અંબાજીમાં 'મા જ્યોતિર્મયી વિશ્રામગૃહ' ને સાધકો માટેની કુટિરોનું આયોજન સૂચવ્યું. સૌથી વિશેષ તો રામાયણ, રામચરિતમાનસ, શિવપાર્વતીપ્રસંગ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, ગીતા, વિષ્ણુસહસ્ર, શિવમહિમ્નસ્તોત્ર, શિવસ્તુતિ, અમરનાથસ્તુતિ, ચંડીપાઠ, સરળ ગીતા, વેદ ઉપનિષદો, કેટકેટલા સ્વતંત્ર સર્જનાત્મકતા તેમજ અદ્‌ભુત અનુવાદકળાથી સદ્‌ગ્રંથો સરળ-રસમય શૈલીમાં સંપન્ન કર્યા !

'સ્વ' ને 'પર'નું હિત સાધતી સાધના તરીકે સાહિત્યની

ઈ.સ.૧૯૬૦ થી વર્ષો પ્રતિદિન ત્રણ કલાક લેખનને ફાળવી 'ચૈતન્યનો મહાઘોષ' અવતાર્યો.

આ સિદ્ધ સંતે સાહિત્યનું એકે સ્વરૂપ અસિદ્ધ ન રાખ્યું. ગાંધીગૌરવ જેવું મહાકાવ્ય, 'રામાયણદર્શન-કૃષ્ણરુક્મિણી' જેવું કથાકાવ્ય, રાષ્ટ્રપ્રેમ, પ્રાર્થના, ભજન, કીર્તન, આરતી, માતૃભક્તિ, સાંઈભક્તિ, ભક્તિબોધ, જ્ઞાનબોધ, બાળમાનસ લોકગીતો જેવા અનેક વિષયોમાં એમની ઊર્મિકવિતા રાચે છે. ટાગોર-જિબ્રાનના અનુકરણરૂપે ગદ્યકાવ્યો પણ રચે છે.

અંગ્રેજીમાં Tunes unto Infinite (અનંતના સૂર) રચી ૧૪ નવલકથાઓ, એક નવલિકાસંગ્રહ. ઉપરાંત રેખાચિત્રો, પ્રવાસો, યાત્રાઓ, પ્રસંગો લખ્યા. 'હિમાલયના પત્રો' ઉત્તમ ગ્રંથ છે.

અનુવાદક્ષેત્રે 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' 'રમણ મહર્ષિની સુખદ સંનિધિ' તેમજ 'હિમગિરિના યોગી' જેવા ઉત્તમ અનુવાદો આપ્યા છે.

શ્રી યોગેશ્વરનું ચિંતનાત્મક સાહિત્ય સૌથી શ્રેષ્ઠ છે. ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગમીમાંસા વગેરે તત્ત્વગ્રંથોને તે આવરે છે. મહાભારતનાં મોતી પણ વીણી આપે છે તો રામકથાનું અમૃત પણ સારવી આપે છે. ભાગવતની કથાઓ તેમજ તત્ત્વદર્શન પણ મૂલ્યવાન અર્પણ છે.

એક સાત્ત્વિક કલમ પર સમગ્ર વૈદિક સાહિત્ય, શ્રુતિ, સ્મૃતિ, બ્રાહ્મણો, આરણ્યકો, વેદો, ઉપનિષદો, પુરાણો, આર્ષકાવ્યો આ બધું ઝળુંબતું હોય ત્યારે આપણો સમગ્ર 'અધ્યાત્મવારસો' સાંસ્કૃતિક, પૌરાણિક, ધાર્મિક, તાત્ત્વિક તેમજ સામાજિક આભા લઈને, સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અવતરણ કરતો હોય એવું લાગે.

વિપુલ, ગુણવત્તાયુક્ત અને અસાધારણ ઉત્તમ સાહિત્ય

સર્જનાર શ્રીયોગેશ્વર માટે સાહિત્યકાર અનંતરાય રાવળ સરસ કહે છે : 'આટલાં બધાં પુસ્તકોનું લેખન-પ્રકાશન એમના અવિશ્રાંત કર્મયોગનું ફળ કહેવાય.'

સૌથી મૂલ્યવાન-મહત્ત્વની વાત શ્રીયોગેશ્વરજીમાં પ્રતીત થાય છે તે એ છે એમની નિર્ભ્રાન્ત અધ્યાત્મસૂઝ કે 'માણસે કેવળ ઈશ્વરદર્શન કરીને કૃતકૃત્યતા માની લેવાની જરૂર નથી. પરંતુ પોતાની સારીયે પ્રકૃતિનું રૂપાંતર સિદ્ધ કરવાનું છે. પંચમહાભૂત પર પૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત કર્યા પછી તેને એવી શક્તિ સહજ સિદ્ધ થાય કે તેના સાન્નિધ્ય, સ્પર્શ કે સંકલ્પથી જ ઘણાંનું કલ્યાણ થાય. તે પછી જ માનવજાતિની નિઃસ્વાર્થ સેવાનો આદર્શ સ્વીકારવાનો છે. તે વિના માણસ કોઈને કશું જ સ્થાયી આપી શકે નહિ. આવા પ્રકારનું જીવનકાર્ય મારે માટે એક નિર્મિત વસ્તુ છે, તેને માટે જ આ શરીરનું ધારવું થયું છે.'

શ્રી યોગેશ્વરજીએ ઈ.સ.૧૯૬૦ થી લેખન શરૂ કર્યું. જ્યાં જ્યાં અર્થ ન સમજાય તો ત્યાં ગ્રંથના મૂળ ઋષિને બોલાવીને જ તેઓ પૂછી લેતા.

પૂ.શ્રી યોગેશ્વરજી પૂ.'મા' સાથેના 'આધ્યાત્મિક સાયુજ્ય'ને પારદર્શક રીતે જગત સમક્ષ મૂકે છે. 'જેમ એકનાથને ત્યાં શિખંડિયાના રૂપે પ્રભુ રહ્યા તેમ મારી સાથે પણ રહેવા આવે તો તે બધી પ્રાર્થના, વ્રત, ઉપવાસોનો 'મા' સર્વેશ્વરી જવાબ છે.'

શ્રી યોગેશ્વરજી અતીવ ખુમારીથી કહે છે; 'હું કાંઈ સંસારી માનવોથી બંધાયેલો નથી. કોઈ સંસ્થા કે વ્યક્તિને વેચાયેલો નથી. એક ઈશ્વરથી જ બંધાયેલો છું.'

તેઓશ્રી કહેતા; 'હું સ્થાનક ઊભું કરવામાં માનતો નથી. આપણી હયાતી બાદ એ સચવાયું કે નહિ એ કોણ જાણે છે ?'

આ શરીરથી ઈશ્વરનાં જે કાંઈ સારાં કામ થઈ શકે તે જીવીએ ત્યાં સુધી, છેલ્લો શ્વાસ લઈએ ત્યાં સુધી કરીએ એના જેવું રૂડું બીજું હોઈ શકે ?

અને યોગેશ્વરજી ખરેખર તેમના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરનું કામ-પ્રવચન કરતાં શાંત થઈ ગયા ! પણ સમસ્ત જગત માટે 'પ્રકાશનો પંથ-પ્રભુ પ્રાપ્તિનો રાહ' નિર્દેશતા ગયા.

જન્મભૂમિ સરોડાનું સદ્ભાગ્ય સમગ્ર અધ્યાત્મવિશ્વનું સદ્ભાગ્ય બની ગયું.

આમ શ્રી યોગેશ્વરજી અનન્ય, અદ્વિતીય સંત હતા જ પણ એમની પુણ્યસંનિધિમાં સંતત્વ પામનાર 'મા' સર્વેશ્વરી પણ પારસસ્પર્શે પારસ બની જઈ, લોકકલ્યાણના યજ્ઞમાં સતત સમિધ સ્વરૂપે રહી, અનેક જીવોના લોઢાને સુવર્ણમાં પલટી રહ્યાં છે. તેઓશ્રી વિનમ્રભાવે કહી રહ્યાં છે. (પૂ.શ્રી યોગેશ્વરજીની વાણીનો જ પ્રતિઘોષ પડઘો હોય એમ !) 'લક્ષ્યપ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ. પૂજ્યશ્રીએ જે પાઠ આપ્યો છે તે યોગ્ય રૂપમાં ભજવાઈને જ રહેશે.'

એક પરમ સંતની પ્રતિકૃતિ 'મા' સર્વેશ્વરીરૂપે આપણને પ્રાપ્ત થઈ એ જગતને શ્રી યોગેશ્વરજીની 'અણમોલ દેન' છે.

સંતો ભાવિકો-શિષ્યો-અનુયાયીઓની મંડળી તૈયાર કરે પણ પોતાની સમકક્ષ-બરોબરીના સંતને પ્રત્યક્ષ કરી આપી સ્વયં પરોક્ષ થઈ જનાર કેટલા ?

આમ શ્રી યોગેશ્વરજીનું સંપૂર્ણ જીવન જોતાં જણાય છે કે; 'દિવ્યતાનું અવતરણ અને માનવચેતનાનું ઊર્ધ્વીકરણ આ બંને ઘટનાઓ એક પછી બીજી બનતી લાગે પણ ખરેખર બંનેની

‘સહોપસ્થિતિ’ છે.’ એની પ્રતીતિ તેઓશ્રીમાં જ નહિ, વિશ્વના મહામાનવોમાં થાય છે. જે બિંદુમાંથી પ્રગટ્યા એમાં જ ફરી ભળી જઈ કૃતાર્થ થવા ‘જીવન’ છે એ સમજણ જે પૂર્ણતયા જીવી શકે એ જ જ્ઞાની ! પરમ જ્ઞાની !

સાધારણ જીવો સંસાર-સંસારના પ્રશ્નોમાં અટવાઈ, શરીર-મનને સર્વસ્વ માની મગરમચ્છ પર બેસી નદી પાર કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરે છે. જ્યારે આત્માર્થી સ્વબળે તરાપો તૈયાર કરી, નિરાંતે, નિશ્ચિંત રીતે ભવસાગર પાર કરી, કરોડોને પાર કરવાનો માર્ગ ચીંધે છે.

પરમાત્માએ અર્પેલ જીવનની ચાદરનો ઉપયોગ સુંદરમાં સુંદર રીતે કરી, સ્વચ્છ-સુંદર રૂપે તે પરમાત્માને પરત કરે ત્યારે પરમાત્માને પણ ચાદર વણ્યાની યોગ્ય અધિકારી સુધી પહોંચાડ્યાની સાર્થકતા પ્રતીત થાય.

પૂજ્યશ્રી યોગેશ્વરજી ‘માનવીયગરિમા’નું મૂર્તિમંત રૂપ બની ગૌરવથી કહી શકે તેમ છે.

‘દાસ કબીરા જતનસે ઓઢી, જ્યોંકીત્યો ધર દી ચદરિયા’

આમ એક વિભૂતિની ચેતના વિશ્વચેતના સાથે એકરૂપ થઈને સાર્થક થઈ, સમગ્ર વિશ્વ માટે જીવનમાંગલ્યનો રાહ ચીંધી, એના ‘ઉત્તમોત્તમ રાહબર’ તરીકે ‘મા’ સર્વેશ્વરીને પ્રતિષ્ઠ કરી, ‘અસ્ખલિત પ્રેમધારાનું અભય વરદાન ધરી દેનાર’

પરમ ચૈતન્ય સ્વરૂપ શ્રી યોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ. ‘યોગેશ્વરજીની દેદીપ્યમાન જ્યોત’ ‘મા’ સર્વેશ્વરીને કોટિ કોટિ પ્રણામ.

—શ્રીતરલા દેસાઈ

# ॥ શ્રીયોગેશ્વરજીરચિત ગુજરાતી ઉપનિષદ ॥

શ્રીયોગેશ્વરજીરચિત 'ગુજરાતી ઉપનિષદ'માં એકસામટાં દસ ઉપનિષદો - ઈશ, કેન, માંડૂક્ય, મુંડક, પ્રશ્ન, ઐતરેય, તૈતિરીય, શ્વેતાંશ્વતર, કલિસંતરણોપત્રિકા - સમાવિષ્ટ છે. ઈ.સ.૧૯૪૯ની ૨૧મી મેએ આરંભાયેલું અનુવાદકાર્ય ૧૭ જૂને પૂર્ણ કરી, માત્ર એક મહિનામાં સમશ્લોકી પદ્યાનુવાદ સરળ ગુજરાતીમાં અવતારીને તત્ત્વજ્ઞાની તેમજ સાધક ઉભય માટે હિતકારી નીવડનાર આ રચયિતાની સર્જકપ્રતિભાને વંદન કરતાં સહેજે કહી દેવાય; 'ઉપનિષદોની ગંજાવર બહુલતાને સમાવી શકે એવી બહોળી, ઊંડી, સૂક્ષ્મ સંવિત્તિ ધરાવનાર શ્રી યોગેશ્વર સિવાય બીજા કોણ હોય ?'

મૂળ સંસ્કૃત પદ્યને ગુજરાતી ગદ્યમાં નહિ પણ પદ્યમાં રજૂ કરવા પાછળ કર્તાનો આશય ઉપનિષદોના કાવ્યત્વનું ગૌરવ અકબંધ રાખવાનો હોઈ શકે. કેમકે, જ્યારે કોઈ સંદેશ ગદ્યમાં સીધેસીધો નહિ પણ પદ્યમાં સંકેતરૂપે અપાય છે ત્યારે તે શુષ્ક પ્રચાર નહિ, સૂક્ષ્મ પ્રસારનું સ્વરૂપ ધારી વિશેષ રસમય બની રહે છે.

ઉપનિષદોની શૈલી સંવાદની છે. આ સંવાદ ગુરુ તથા શિષ્ય વચ્ચે છે, એક જિજ્ઞાસુ તથા જેની જિજ્ઞાસા જ્ઞાનમાં ખીલી ચૂકી છે તેની વચ્ચે છે.

'વેદ' શબ્દનું મૂળ છે 'વિદ્' અર્થાત્ 'જાણવું'. 'વેદ' એટલે 'જ્ઞાન'. વેદ લિખિત શબ્દ અથવા ગ્રંથ છે, જેમાં સંપૂર્ણ જીવનનું જ્ઞાન સમાવિષ્ટ છે.

'વેદ' શ્રુતિ તરીકે ઓળખાય છે કારણ કે તે ઋષિઓની સમાધિદશામાં 'પરમાત્માની વાણીરૂપે' પ્રગટ થયેલા મંત્રો છે. એટલે જ વેદોના ઋષિઓ સર્જક નહિ, 'દ્રષ્ટા' મનાયા છે.

વેદોમાં પ્રયોજાયેલી ભાષા આર્ષભાષા - ‘આર્ષસંસ્કૃત’ તરીકે ઓળખાય છે.

વિશ્વનો પહેલો ગ્રંથ ‘વેદ’ મનાય છે. વેદોનું રહસ્ય જે ગ્રંથોમાં છે તે ‘વેદાંત’ કહેવાય છે, જેનું બીજું નામ ‘ઉપનિષદો’ છે.

‘વેદાંત’નો અર્થ વેદ અને અંત નથી, પરંતુ વૈદિકકાળના અંતિમ ચરણને ‘ઉપનિષદકાળ’ કહે છે.

‘ઉપનિષદ’ એટલે ઉપનિ=સંનિકટ, સદ્=બેસવું. અર્થાત્ ‘તત્ત્વદર્શી ગુરુની સંનિકટ બેસીને જે વિદ્યા પ્રાપ્ત થતી તે ઉપનિષદ.’

‘સદ્’ એટલે ‘નાશ કરવું’ એવો પણ અર્થ છે. એ અર્થના સંદર્ભમાં ‘ઉપનિષદ’ સંજ્ઞા સ્પષ્ટ કરતો એક શ્લોક છે;

‘ઉપનીયેમમાત્માનં બ્રહ્માપાસ્તદ્વયં તતઃ ।
નિહન્ત્યવિદ્યાં તજ્જં ચ તસ્માદુપનિષન્મતા ॥’

અર્થાત્ ‘જેમાં દ્વૈત અસ્ત પામ્યું છે એવા બ્રહ્મ સમીપ આ જીવાત્માને લઈને (પરમાત્મા પ્રત્યે અભિમુખ કરીને) જે તેની અવિદ્યાનો (આત્મસ્વરૂપના અજ્ઞાનનો) અને તેમાંથી જન્મતા સંસારના બંધનનો નાશ કરે છે તે ‘‘ઉપનિષદ’’.’

આમ બ્રહ્મવિદ્યાને ‘ઉપનિષદ’ કહેવામાં આવે છે, અને તેના પ્રતિપાદક ગ્રંથને પણ ‘ઉપનિષદ’ કહેવામાં આવે છે.

‘ઉપનિષદો ભારતનો મહામૂલો અ-ક્ષર વારસો છે. તેમાં સંચિત થયેલું અધ્યાત્મજ્ઞાન મનુષ્યના અંતરને પાવન કરી શાશ્વત શાંતિ પમાડનારું છે. પ્રાચીન ઋષિઓના અંતરમાંથી સ્ફુરેલી દિવ્યવાણીનું અમૃત તેમાં ભરેલું છે. આ ઉપનિષદોના પરિશીલનથી અંતરમાં પડેલા સંસ્કારોમાં જીવન ઉન્નત કરવાની ઘણી શક્યતા રહેલી છે. પ્રત્યેક ઉપનિષદ અધ્યાત્મશાસ્ત્ર છે. તેમાં થયેલું ચિંતન અને તેની અભિવ્યક્તિ વિશિષ્ટ છે.’ સમર્થ શાસ્ત્રજ્ઞ પ્રા. એ. જી. ભટ્ટના આ શબ્દોમાં સૂર પુરાવતાં શ્રી

યોગેશ્વરે કહ્યું જ છે : 'ઉપનિષદોમાં ઈશ્વર, જીવ ને જગત વિશે એટલું બધું જ્ઞાન ભરેલું છે કે, આજે પણ આપણે તે વાંચીને આશ્ચર્ય અને ગૌરવ અનુભવીએ.'

શ્રી યોગેશ્વરની મૂળ યોજના દસ ઉપનિષદોના અનુવાદની હતી, જેનો ઉલ્લેખ એમણે પોતાના નિવેદનમાં કરેલો જ છે. પણ બીજી એક હસ્તપ્રત 'છાંદોગ્યોપનિષદ્' તેમજ 'બૃહદારણ્યક ઉપનિષદ'ની પ્રાપ્ત થતાં, પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના અનુરોધથી આ ગ્રંથમાં એ બેનો પણ સમાવેશ થતાં; આપણને 'કુલ ૧૨ ઉપનિષદો' ગુજરાતી પદ્યમાં પ્રાપ્ત થાય છે.

આમ શ્રી યોગેશ્વરનો આ 'two more'નો પ્રસાદ પૂજ્ય 'મા'ના અનુગ્રહથી આપણે મેળવવા સદ્ભાગી બનીએ છીએ; અને ફરી એકવાર ઉભય સંતોની 'આપો, આપો ને બસ આપો'ની ભાવના આપણને મુગ્ધ કરે છે. આ પરમ ધન્ય ક્ષણે આપણે એટલું જ કહી શકીએ;

'ફૂલડાંકટોરી ગૂંથી લાવ, જગમાલણી રે બે'ન.
અમૃત અંજલિમાં નહિ ઝીલું રેલોલ.'

શ્રી યોગેશ્વરનું 'જ્ઞાનામૃત' તેમજ પૂ.'મા'નું 'પ્રેમામૃત' આત્મસાત્ કરવાનું સામર્થ્ય આપણામાં પ્રભુ પ્રગટાવે એ જ પ્રાર્થના.

'ગુજરાતી ઉપનિષદ'માં સંચિત 'ઉપનિષદોનું પરમ જ્ઞાન આપણામાં વધારે ને વધારે ફેલાય' એવા કર્તાના એકમાત્ર શુભ હેતુને વરેલો આ ગ્રંથ શ્રી યોગેશ્વરની પરિણત પ્રજ્ઞા, વિશદ તત્ત્વવિચારણા તેમજ સરળ-રસમય અભિવ્યક્તિનું એક ઉન્નત શૃંગ છે. તત્ત્વાન્વેષીઓ તેમજ સાધકોને યુગો સુધી તે આકર્ષતો રહેશે એ નિઃશંક છે.

પરમ પ્રજ્ઞાવાન, સમર્થ પ્રતિભાવંત શ્રી યોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ !

**–'કૃતિપરિચય' લેખ**
**(ગુજરાતી ઉપનિષદ)**

## ॥ 'અધ્યાત્મ'નો સદા ઝળહળ સૂર્ય : શ્રીયોગેશ્વરજી ॥

સાચું ભારત ભૂગોળ, ઈતિહાસ, રાજકારણ, વિજ્ઞાન નહિ, માણસના અંતરતમ સત્ય-આત્મતત્ત્વની ખોજ છે, સંતોની પ્રકાશનીયાત્રા છે. મહાવીર, બુદ્ધ, શ્રીકૃષ્ણ, નાનક, જિસસ, શ્રીરમણ, શ્રીરામકૃષ્ણની જેમ શ્રીયોગેશ્વરજી, શ્રીઅરવિંદ આ સર્વ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. સર્વ યુગોના સર્વ જ્ઞાનીઓનો સંદેશ આટલો જ છે : અહમ્ ત્યજો, 'આત્મસ્વરૂપમાં સ્થિત રહો.'

મહાત્મા યોગેશ્વરજીનું જીવન એમની નિતાન્ત સાદગી અને પવિત્રતાના સંદર્ભમાં, તમામ ભેદોને અતિક્રમી જતી એક પરમ ચેતનાની લક્ષ્યગામી ગતિ છે.

એમનું જીવન ઈતિહાસમાં નોંધી શકાય, ભૂગોળની સીમામાં બંધાય તેવું નથી. એ સતતવાહી નિર્ઝર છે; જે એની સંનિધિમાં આવનારને નવી તાજગી, નવી દૃષ્ટિ, પાવિત્ર્ય બક્ષે છે.

એમના ઉપદેશમાં કશું રહસ્યમય નથી. એમનું જીવન ખુલ્લી કિતાબ છે. બધા જ નિષ્ઠાવાન સાધકોને એમાંથી કોઈને કોઈ પ્રેરણા મળી જ રહેશે. એટલું જ નહિ એમની ever living presence નિત્ય જીવંત ઉપસ્થિતિ દ્વારા કૃપા પ્રાપ્ત થતી રહે છે.

સદ્ગુરુ કેવળ સ્થૂળ દેહરૂપ નથી એટલે રૂપ નાશ પામ્યા પછી પણ એ સતત રહે છે. જેનો પ્રભાવ નિકટવર્તી શિષ્યો જ નહિ, વિશ્વસમસ્તના લોકો અનુભવી શકે છે, અલબત્ત દરેકની માત્રા અલગ અલગ હોઈ શકે.

૧૯૨૧માં સરોડામાં પ્રગટેલા તેઓશ્રીની 'અધ્યાત્મપ્રભા' ગુજરાત, ભારત, વિશ્વના સઘળા દેશોના અધ્યાત્મમાર્ગી લોકો અનુભવી શકે છે. કહે છે :

'સંતોને નથી હોતો જન્મ, નથી હોતું મૃત્યુ હોય છે કેવળ જીવન.

જીવન પણ એવું જેમાં શાશ્વતીની સુગંધ હોય.'

આકાશગંગાની જેમ પૃથ્વી પર સંતોની અમૃતગંગા એકધારી વહેતી રહે છે, એનું એક સમર્થ સ્પંદન એટલે પૂ.શ્રીયોગેશ્વરજી એમની 'હું ને મારો પરમેશ્વર'થી શરૂ થયેલી યાત્રા 'હું જ મારો પરમેશ્વર' હું જ જગદંબા પર આવી અટકે છે.

વ્યક્તિગત ચેતનાનું વૈશ્વિક ચેતનામાં પરિણમન દ્વૈતમાંથી અદ્વૈતની પ્રાપ્તિ.

આત્મા સંપૂર્ણ જાગી જાય ત્યારે પરમાત્મા બની જાય.

સત્ય એક જ છે. એ બધા જ ઉપનિષદોનું સારસર્વસ્વ છે. સદ્‌ગુરુની 'પ્રત્યક્ષ અનુભૂતિ' પરમ પૂજ્ય શ્રી'મા'એ અત્યંત કરુણા-કૃપાથી આપણા પર વહાવી છે, એનું 'મૂર્તિમંત સ્વરૂપ' બનીને. તે એ છે કે મનુષ્યની સહજ સ્થિતિ 'ચૈતન્ય' જ છે. તે નથી શરીર, નથી મન, નથી ઈન્દ્રિયો અને આ ચૈતન્ય માટે નથી જન્મ, નથી મૃત્યુ. નથી બંધન, નથી મુક્તિ.

પરમ ભગવંત શ્રીયોગેશ્વરજીનું આખું જીવન કહે છે : 'ઈશ્વરે આ સર્વ મારા થકી કર્યું છે.' આ વિનમ્રતા તેઓશ્રીની આધ્યાત્મિક પરિપક્વતાની નિશાની છે.

તેઓશ્રીની પ્રતિભા અંતર્મુખી છતાં વિશ્વતોમુખી જીવનયાત્રાનો વ્યાપ બહુમુખી. જેટલો કેન્દ્રાભિગામી એટલો જ કેન્દ્રોપ્રસારી. ઈશ્વર પ્રત્યે ગહન પ્રેમથી અનુસંધિત એમની સઘળી પ્રવૃત્તિઓ.

આ આત્માનુભવી, અનન્ય પરમાત્માપ્રેમીના શબ્દો માત્ર શ્રોતેન્દ્રિયથી સાંભળવાના નથી. સમસ્ત ચેતનાતંત્રમાં એ પ્રતિષ્ઠિત થવા જોઈએ, સઘળી ચિત્તશક્તિથી એનું આકલન થવું જોઈએ. એમનું સમગ્ર સર્જન જીવન સાથે એકરસ, એકરૂપ અને ઓતપ્રોત હોવાથી એમના અસ્તિત્વની અનુભૂતિ-ઉપસ્થિતિ સદા-સર્વદા 'સત્ત્વરૂપેણ સંસ્થિતાઃ' રહી.

પરમ સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીની સમગ્ર જીવનયાત્રા પ્રકાશના પંથે સતત ગતિમાન પથિકની જિજ્ઞાસાથી ઉપલબ્ધિ સુધીની, પ્રતીક્ષાથી પ્રાપ્તિ સુધીની જ નહિ, પ્રકાશમાં રૂપાંતરિત ચૈતન્યની બની રહી. સજગ-સાવધાન વ્યવહાર, વર્તન, સભાનતાપૂર્વક વાણીવ્યવહાર પછી એ મૌન હોય કે લેખન ! કડક આત્મનિરીક્ષણ, અદ્‌ભુત સંયમ સિદ્ધ કરી આજે માનવતાના પાત્રમાં છલકતું દિવ્યતાનું અમૃત પૂ.શ્રી'મા' દ્વારા સમાજમાં સૌને ધરી રહ્યા છે.

આપણાં 'મા' પણ શ્રીયોગેશ્વરજીને સદ્‌ગુરુરૂપે સ્થાપી ૧૯૭૦થી આજની ક્ષણ સુધી પોતાના અંતર્ગુરુને આરાધતાં રહી વૃત્તિ-પ્રવૃત્તિનું જે અદ્‌ભુત સંચાલન કરી રહ્યાં છે તે ભીતર-બહાર અખંડ અદ્વૈત ગુરુતત્ત્વનો જ મહિમા કરી રહ્યાં છે.

'સત્યે પ્રતિષ્ઠિત શ્રદ્ધા' એ ન્યાયે શ્રી ગુરુદેવ પૂ.શ્રી'મા'ના અંતઃકરણમાં સદૈવ એવા અધિષ્ઠિત રહ્યા છે કે અધ્યાત્મનો સૂર્ય અનસ્ત જ નહિ, 'સદા ઝળહળ' સ્વરૂપે શાશ્વત શિષ્યત્વનો પર્યાય બની પ્રતીત કરાવી રહ્યો છે : 'Act of living is the only worship of Divine.'

**—સંકલન**

# ॥ લક્ષ્મીનારાયણ મંદિરમાં ॥

વ્યારાથી બેઠા પછી લગભગ છત્રીસ કલાકે અમે હાવરા સ્ટેશને પહોંચી ગયાં હતાં. વચમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા ને પશ્ચિમ બંગાળ-આટલાં રાજ્યોમાંથી અમે પસાર થયા કહેવાય. અમે નીકળ્યા ત્યારે ગુજરાતમાં મેઘરાજાની કૃપા થઈ ન હતી. પરંતુ રસ્તે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ ને ઓરિસ્સામાં સારા પ્રમાણમાં વરસાદની મહેર દેખાતી હતી. પશ્ચિમ બંગાળમાં તો નદીઓમાં મોટી રેલનાં દર્શન થતાં હતાં. અમે હાવરા સ્ટેશને પહોંચ્યા ત્યારે તો મેઘરાજાની અમૃતધારા વરસતી જ હતી. અમારામાંથી ભાગ્યે જ કોઈ છત્રી લાવ્યું હતું અને પવન સાથે વરસતા વરસાદમાં છત્રીની પણ શી ઉગર ?

પરંતુ ચમત્કાર થયો હોય એમ જેવા બહાર નીકળ્યા તેવો જ વરસાદ થંભી ગયો હતો. મેઘરાજાએ અમારું માન જાળવ્યું હોય તેમ લાગ્યું. પરંતુ આકાશમાં ઉપર નજર ગઈ તો કાળું ડીંબ વાદળ હતું. સોયની અણી લાગે તો હમણાં જ વાદળ કાણું થઈ જાય ને મુશળધાર વરસાદ વરસી પડે. એવું વાતાવરણ થયેલું હતું. પૂ.'મા'એ કહ્યું કે પોતપોતાના સામાન પાસે બધાં લાઈનમાં ઊભા રહે તેવી ગોઠવણી કરો. વરસાદથી ડરો નહિ. હમણાં મેઘરાજાને આપણે સૂચન કરીશું કે ખમા કરજો. 'મા'ની આજ્ઞા પ્રમાણે બધાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં હતાં. શ્રી જીતુભાઈ ગાંધીએ પૂ.'મા'ને માટે અગાઉથી જ અલગ ગાડીની વ્યવસ્થા કરી દીધી હતી. 'મા'એ, તેમાં મુકામ કર્યો અને અમારે માટે ખુલ્લો ટૅમ્પો કરવાનો નિર્ણય કર્યો કારણ કે અમારી સાથે સામાન વધારે હતો. એકીસાથે સામાન પણ ચાલ્યો જાય તે માટે ટૅમ્પો વધારે અનુકૂળ હતો. નજીકમાંથી જ ટૅમ્પો મળી ગયો એટલે

અમે બધાં પોતપોતાનાં સામાન સાથે વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં હતાં. 'મા'ની આજ્ઞા હતી કે ભજનકીર્તન સાથે પ્રવાસ કરજો. અમે બધાંયે સદ્‌ગુરુ દેવની તેમજ ગંગામૈયાની જય બોલાવી એટલે ટૅમ્પાવાળાએ ટૅમ્પાને ચાલુ કરવા પ્રયત્ન કર્યો હતો. યોગેશ્વર બાવનીના પાઠ સાથે અમારું વાહન કલકતાના પ્રખ્યાત હાવરાનો પુલ ઓળંગી મુકામ તરફ ગતિ કરી રહ્યું હતું. વચમાં વચમાં કલકત્તાનો સારામાં સારો વિભાગ પણ જોવા મળ્યો હતો. ત્યાં દેશનેતાઓનાં ભવ્ય પૂતળાંઓનાં દર્શન પણ થતાં હતાં. ભજનનો ગુંજારવ પોલિસને લીલી ઝંડી ફરકાવતો હોય તેમ વિના અટક્યે અમારી ગાડી દોડી રહી હતી. લગભગ પચ્ચીસેક મિનિટ થઈ હશે ને અમારો ટૅમ્પો લક્ષ્મીનારાયણ મંદિરના કપાઉન્ડમાં આગળ આવીને ઊભો રહ્યો હતો.

અમે સહુ ''મા સર્વેશ્વરીની જય'' બોલાવતા નીચે ઊતરી પડ્યાં હતાં. અમે પોતપોતાનો સામાન લઈ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. મંદિર પ્રથમ દેખાવે જ સુંદર લાગ્યું હતું. બાંધકામ નવીન જણાતું હતું. સ્વચ્છતા નજરે ચઢતી હતી. સ્વચ્છતા, સુંદરતા ને રમણીયતા મંદિરનાં આવશ્યક લક્ષણો છે. ગીચ વસ્તીને કારણે અને સરકારની ઉદાસીનતાને કારણે ભારતભરનાં ઘણાં ખરાં મંદિરોમાં આ લક્ષણો જણાતાં નથી હોતાં. પરંતુ અહીં તો એ લક્ષણો સ્પષ્ટ પ્રતીત થતાં હતાં. મંદિર ત્રણ અક્ષરોનો બનેલો શબ્દ છે. દરેક અક્ષર એક એક આવશ્યક લક્ષણનું પ્રતીક છે. પ્રથમ અક્ષર મંગલતાનું સૂચન કરે છે. બીજો અક્ષર દિવ્યતાનો સૂચક ગણાયો છે ને ત્રીજો અક્ષર રમણીયતાનો નિર્દેશ કરે છે. મંદિરના વાતાવરણમાં જાણે કે આ ત્રણેય લક્ષણો વ્યાપક બનીને અમારું સ્વાગત કરતાં હતાં. અમે બધાંએ પ્રથમ તો ભગવાન લક્ષ્મીનારાયણનાં સારી રીતે દર્શન કર્યાં હતાં. ઑફિસમાંથી

જાણવા મળ્યું હતું કે આ મંદિર તો કલકત્તાના ગુજરાતી સમાજનું સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે. અહીં સાંસ્કૃતિક ને ધાર્મિક પ્રવૃત્તિઓ અવાર-નવાર ચાલ્યા જ કરે છે.

આ મંદિરમાં રહેવાની વ્યવસ્થા માટે બાજુમાં જ ભવ્ય મકાન બાંધવામાં આવ્યું છે. ઓછા દરે લોકો સારી રીતે રહી શકે તેવી નીતિ વ્યવસ્થાપકોની જણાતી હતી. એક રૂમમાં વધારેમાં વધારે ત્રણ માણસો રહી શકે તેવી વ્યવસ્થા હતી. વધારે માણસો હોય તો મોટો હૉલ આપી દેવામાં આવે છે, જેમાં પાણી, બાથરૂમની અલગ વ્યવસ્થા રાખી હોય છે. એક માણસના ભાગે વધારેમાં વધારે રોજના માત્ર પંદર રૂપિયા આવે તો પણ સગવડના પ્રમાણમાં સસ્તું ગણાય. અમે બધાંયે ત્રીજે માળે પોતપોતાની સગવડતા પ્રમાણે નિવાસ પસંદ કરી લીધો હતો. ત્યાર પછી જ મેઘરાજાએ મન મૂકીને વરસવાનો પ્રારંભ કર્યો હતો. પૂ.'મા'ના સૂચન પ્રમાણે મેઘરાજાએ અમને ઉત્તમ પ્રકારની સગવડતા બક્ષી હતી. પરમાત્માની એવી અસીમ કૃપાનો આસ્વાદ અમારી મંડળીએ ભગવાન લક્ષ્મીનારાયણની ગોદમાં ઘણા દિવસો સુધી માણ્યો હતો.

નાહી-ધોઈ થોડો આરામ કરી અમે એકમેકની મુલાકાત લેવા પ્રયત્ન કર્યો હતો. લટાર મારતાં જણાયું કે હૉલમાં મુકામ કરનાર કોઈક એકત્રિત થઈ જાણે કે અમારી જ રાહ જોતા બેઠાં હતાં. તેમાં યુવકો સહુનું ધ્યાન ખેંચતા હતા. અમારી સાથે બે વિજયભાઈ હતા. એકને અમે પંડિતજી કહેતા હતા ને બીજાને અમે બાપજી કહેતા હતા. પંડિતજી વડોદરાના નિવાસી હતા ને બાપજી પાલનપુરના. બંને પૂ.'મા'ના પરમ ભક્ત હતા. બીજા બે યુવકોમાં એક તો શ્રી જીતુભાઈ ગાંધીનો સુપુત્ર જેનું નામ ભરત હતું. ભરત તો પૂ.'મા'ની સેવામાં રાતદિન ખડે પગે

રહેતો હતો. શ્રી ગોવર્ધનભાઈ કલોલાનો સુપુત્ર ચિ. અજય આખી મંડળીની સેવા કરવા કાયમ તત્પર રહેતો. પંડિતજી અને બાપજીએ તો પૂ.'મા' સાથે ગંગાયાત્રા પણ કરેલી. તે યાત્રાનાં સંસ્મરણો તેમની પાસેથી અવાર-નવાર સાંભળવાનાં મળતાં હતાં. "દિલા દે ભીખ દર્શનકી" એ બ્રહ્માનંદનું ભજન તેઓ કાયમ ગવડાવતા હતા એટલું જ નહિ પણ પંડિતજી તો ભાવપૂર્વક ભજનોની રચના પણ કરતા હતા. આ ચારે યુવકો અમારા સંઘનું ભૂષણ હતા.

અમે બીજી આલતુ ફાલતુ વાતો કરીએ તે પહેલાં તો 'મા' પોતે જ ત્યાં આવી લાગ્યાં હતાં. એટલે સ્વાભાવિક રીતે ભક્તવૃંદ'મા'ની ફરતે ફેરવાઈ ગયું હતું. પ્રણામાદિ શિષ્ટાચારની વિધિ પતાવી. બધા 'મા' કાંઈક કહેશે તેની રાહ જોતાં ઊભાં હતાં.

પૂ.'મા'એ હવે પછીના યાત્રાના કાર્યક્રમની ઝાંખી આપતાં કહ્યું કે આજનો આરામનો દિવસ પૂર્ણ કરી આપણે આવતી કાલે સવારે દક્ષિણેશ્વર બેલૂર મઠ આદિ સ્થળોએ જઈશું. ત્યાર પછી બીજે દિવસે કામારપુકુર ને જયરામવાટીની યાત્રા કરીશું. મહાત્માજીની તો આજ્ઞા છે કે આપણે બધાંયે જયરામવાટીમાં રાત્રીરોકાણ કરવું. ત્યાંથી અહીં આવીને એકાદ દિવસ ફરીથી આરામ કરી ભગવાન જગન્નાથનાં દર્શને જઈશું. ત્યાં ત્રણ દિવસ રોકાવા માટે મહાત્માજીએ સૂચવ્યું છે. એકાદ દિવસ ત્યાંથી સો-દોઢસો માઈલના આસપાસના પ્રદેશો પણ જોવાનો લાભ લઈશું. ત્યાંથી વળી પાછા ભગવાન લક્ષ્મીનારાયણનાં શરણે આવીશું. એકાદ દિવસ આરામ કરીશું ને ગુજરાત તરફ રવાના થઈશું. આ રીતે સમગ્ર કાર્યક્રમ જે મહાત્માજીની પ્રેરણાથી તૈયાર થયો હતો તેનો ટૂંકમાં ખ્યાલ આપી પૂ.'મા' એ પોતાના ઓરડા તરફ પ્રયાણ કર્યું હતું.

અમારી યાત્રાનું સંચાલન સૂક્ષ્મ રીતે મહાત્માજી કરી રહ્યા હતા. તેનો સહુને ખ્યાલ આવ્યો હતો. સૂક્ષ્મ સ્વરૂપમાં રહીને સ્થૂળ સ્વરૂપ કરતાં વધારે કાર્યો કરી શકાય છે તેની સમજ ગંગોત્રીમાં પૂજ્યશ્રીએ અમને અવાર-નવાર આપી હતી તેની યાદ મનમાં ચમકી ગઈ. મને અમેરિકામાં તો એટલે સુધી કહેલું કે જીવને ઉત્ક્રાંતિ માટે સંતો જેટલા સહાયરૂપ છે તેટલું આ જગતમાં કોઈ નથી. પૂ. 'મા'ની તપશ્ચર્યા ધ્યાનપૂર્વક જોનારને તથા તેમનાં વાણી-વર્તન પર ઝીણવટભરી તપાસ કરનારને મહાત્માજી સૂક્ષ્મ શરીર દ્વારા કામ કરી રહ્યા છે કે નહિ તેની અવશ્ય પ્રતીતિ થશે. બાકી સંતો ક્યારે, કેવી રીતે ને ક્યાં પોતાની અગમ્ય શક્તિનો પરચો બતાવે છે તેનો ભૌતિકવાદીને એકદમ ખ્યાલ આપી શકશે નહિ. સંતોની કાર્ય કરવાની ગૂઢ નીતિ-રીતિનો પરિચય કરવા માટે જે રીતે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુને જોવા માટે વૈજ્ઞાનિકને તેને અનુરૂપ એવા યંત્રની સહાય લેવી પડે છે તે રીતે મનુષ્યે દૃષ્ટિને દિવ્ય બનાવવી જ પડે છે. દૃષ્ટિને દિવ્ય બનાવવા માટે સાધના ને તપશ્ચર્યા અનિવાર્ય છે જ. શ્રદ્ધા-ભક્તિ ન હોય તો સાધના કોઈ કરી શકે ખરું ? પૂર્વ ભારતની અમારી આ યાત્રા દ્વારા અમને આ બધી ગૂઢ વાતો સમજવાની તક મળી હતી તેનો એકરાર કર્યા વિના ચાલે તેમ નથી.

મોડી સાંજે શ્રી હરિશભાઈ કોન્ટ્રાક્ટર સાથે ગંગાયાત્રાની થોડી વાતો થઈ હતી. તેમની વૃદ્ધ માતાજીનો પ્રસંગ ખરેખર સાંભળવા જેવો છે. દોઢેક મહિના પહેલાંની જ આ વાત હતી. પૂ. 'મા' સાથે તેમના વૃદ્ધ માતાજીને ગંગાયાત્રા કરવાનો અનેરો લહાવો મળ્યો હતો. જો કે માતાજીની ઉંમર પંચોતેરથી તો વધારે હશે જ. છતાં એક દિવસ પૂ. 'મા'એ હરદ્વારથી ચંડીદેવીના દર્શને જવાનો કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે તેમની આંતરિક શક્તિની

કસોટી થઈ ગઈ હતી. સાત આઠ માઈલ દૂર અને પહાડી માર્ગની ચઢઊતર ન થઈ શકે એવું તેમને લાગવાથી પૂ.'મા'ને તેમણે પોતે યાત્રામાં ન જોડાઈ શકશે તેમ કહી દીધું હતું પરંતુ 'મા' તે 'મા'. તેમણે વૃદ્ધ માતાને ભારપૂર્વક કહેલું કે તમારે તો આવવાનું જ છે. તમારા માટે તો આ કાર્યક્રમ ગોઠવ્યો છે. તમને કશું નહિ થાય. તમે આવશો તો ચંડીદેવી ખૂબ પ્રસન્ન થશે. તે જ તમને શક્તિ પૂરી પાડશે. ચાલો હિંમત રાખો. 'મા'ની આજ્ઞાનું ઉલ્લંઘન કોણ કરે ? વૃદ્ધ માતાજી હિંમત કરીને નીકળી પડ્યાં હતાં. ડુંગરો ચઢતાં તેમને થાક લાગ્યો જ નહિ. બીજાં બધાં કરતાં તેઓ વહેલાં પહોંચી ગયાં હતાં. ડુંગરાળ રસ્તાઓને કાપતાં ફરી તેઓ હરદ્વારના મુકામે સહીસલામત આવી પહોંચ્યાં હતાં. જે તાજગી અને સ્ફૂર્તિ વૃદ્ધાએ અનુભવ્યાં તે કોની કૃપાથી ? પૂ.'મા' ધારે તેને શક્તિવંત બનાવી શકે છે. તેની પ્રતીતિ શું આ પ્રસંગથી ન થાય ?

પૂ.'મા'ની યાદમાં ને યાદમાં રાત્રે અગિયાર વાગી ગયા તેની ખબર પડી નહિ. બધા જ નિદ્રાધીન થઈ ગયાં હતાં. મને ઊંઘ આવતી ન હતી. મને મહાત્માજી કપુરા આવ્યા હતા તે પ્રસંગો યાદ આવવા લાગ્યા હતા. પ્રથમ આવ્યા હતા ત્યારે તેમણે કહેલું કે 'જેમ મને તમે બધાં પગે લાગો છો તેમ તમે બધાં ભવિષ્યમાં 'મા સર્વેશ્વરી'ને લાગશો. તેમના થકી અનેક જીવોનું કલ્યાણ થશે.' પૂ.'મા'ના જગદંબાસ્વરૂપનું વિકસિત સ્વરૂપ ભગવાન લક્ષ્મીનારાયણની ગોદમાં મને દેખાવા લાગ્યું. આ સ્થળની મંગલતા ને દિવ્યતાનો આ રીતે મને સૂક્ષ્મ પરિચય થયો તેની જાહેરાત કરતાં આનંદ અનુભવું છું.

**—શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી**

## ॥ વિશ્વના કોઈપણ સાધુને પારખવાની સચોટ રીત ॥

[ભગવાને પોતાનાં જ્ઞાનચક્ષુથી તે ઢોંગીઓની વાસ્તવિકતા જોઈ લીધી હતી. અસલ તો તેઓ બધા રાજ્યના ગુપ્તચરો હતા કે જેઓ વિવિધ રીતે પડોશી રાજ્યોની તેમજ પ્રજાની માહિતી પોતાના ઉચ્ચાધિકારીઓને પહોંચાડતા હતા. આ જાણી ભગવાને કહ્યું - 'સામાન્ય ગૃહસ્થ આવા વેશધારીઓને જોઈને ખોટા નિર્ણયો કરી બેસે છે. કોઈના ખરા ધર્માચરણને જાણવું હોય તો થોડા નહિ પરંતુ ઘણા દિવસો સુધી તેમની સાથે રહેવું જોઈએ. ખૂબ જ ધ્યાનપૂર્વક તેમજ બુદ્ધિપૂર્વક તેમના જીવનવ્યવહારને, આચરણોને તેમજ ચાલ-ચલગત પારખવી જોઈએ. ઘણા લોકો ધર્મના નામ પર ધંધો લઈ બેસે છે, આજીવિકા ચલાવે છે અને લોકોને ઠગે છે, જે સર્વથા અનુચિત છે.'

કોઈ વ્યક્તિ ઈર્ષાળુ હોય, અભિમાની હોય, લુચ્ચો હોય, તે માત્ર સુંદર રૂપથી કે વાણીની ચતુરાઈથી સજ્જન બની જતો નથી. સમાજને ઠગનારા અને ગેરરસ્તે લઈ જનારા એવા થોડા માણસો કે સાધુઓનું વ્યક્તિત્વ બહુ જ ભવ્ય, મોહક અને આકર્ષક હોય છે, તેમજ તેઓ ચારુવાક્ (ચાર્વાક, વાણી-ચાતુર્યવાળા) પણ હોય છે, પરંતુ હોય છે ઘણા જ શીલભ્રષ્ટ. આવા લોકોની પૂરી તપાસ કરી વાસ્તવિકતા સમજવી-જોવી જોઈએ. ખરી તપાસ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે લાંબા સમય સુધી એમની સાથે રહીને એમની પ્રત્યેક ગતિવિધિને બુદ્ધિમાનીપૂર્વક ખૂબ ધ્યાનથી જોવી જોઈએ.]

તે સમયે સંન્યાસીઓને ઓળખવાની આવી રીત પ્રચલિત હતી. વિદેહનગરી મિથિલામાં ૧૨૦ વર્ષના બ્રહ્માયુ. નામના અતિ વિદ્વાન તથા સુપ્રતિષ્ઠિત આચાર્ય રહેતા હતા. તે દિવસોમાં ભગવાન બુદ્ધ પોતાના પાંચ સો ભિક્ષુઓ સાથે વિદેહરાજ્યમાં વિચરી રહ્યા હતા. બ્રહ્માયુએ ભગવાનનાં અનેકવિધ વખાણ સાંભળ્યાં હતાં. એણે વિચાર્યું કે સંપૂર્ણ તપાસ કર્યા પછી જ સાચી વાત સ્વીકારવી જોઈએ. તેથી તેણે પોતાના એક મેધાવી યુવાન

શિષ્ય ઉત્તરમાણવકને બોલાવી કહ્યું કે, તું જાતે જ તપાસ કર કે ગૌતમની જે આ પ્રશંસા થઈ રહી છે તે સાચી છે કે જૂઠી. ગુરુએ શિષ્યને બત્રીસલક્ષણા પુરુષના ગુણો તેમજ રહેણીકહેણી સમજાવી હતી અને તે પરીક્ષણમાં ગૌતમ ખરા ઊતરે છે કે નહિ તેની તપાસ કરી લાવવાનું સોંપ્યું. શિષ્ય બુદ્ધ પાસે ગયો અને તેણે બધા ગુણો જોયા અને સાચા પણ લાગ્યા. તેથી તેણે તેમની સાથે જ રહેવાની અનુજ્ઞા માગી અને તે મળી પણ ગઈ. હવે તેણે ગૌતમની ચાલ-ચલગત તથા રહેણી-કરણીનું બારીકાઈથી નિરીક્ષણ કરવા માંડ્યું.

સાત મહિના સુધી ભગવાન પાસે રહી પોતાના ગુરુ પાસે જવાની આજ્ઞા માગી. ગુરુ પાસે જઈને તેણે તે મહાપુરુષની સૌમ્ય રહેણી-કરણીનો વૃત્તાંત કહ્યો. તેણે કહ્યું કે તેઓ જ્યારે ચાલે છે ત્યારે હંમેશાં જમણો પગ પહેલાં ઉઠાવે છે. તેઓ ન તો બહુ લાંબાં ડગલાં ભરે છે કે ન તો ટૂંકાં. નથી તો બહુ ઝડપથી ચાલતા કે નથી તો ધીમેથી. ચાલતી વખતે શરીરના નીચેના ભાગ ઉપર જ વજન આપી ચાલે છે, ઉપરનો ભાગ સ્થિર જેવો લાગે છે. વસ્ત્રો શરીરને ચોંટીને રહેલાં હોતાં નથી તેમજ ફરફરતાં પણ હોતાં નથી. ચાલતી વખતે ન તો નજર ઉપર ઉઠાવે છે કે ન તો નીચે રાખે છે અને નથી તો આમતેમ જોયા કરે છે. સામેની જમીન પર કેવળ બે ડગલાં દૂર નજર ટકી રહે છે, બાકીનું બધું જ્ઞાન-દર્શન ચાલ્યા કરતું હોય છે. ચાલતી વખતે પોતાના શરીરને જોયા કર્યા વગર પણ શરીરમાં ચાલતી ક્રિયાઓને અનુભવ્યા કરે છે.

ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતી વખતે તેઓ પોતાના શરીરને નથી તો ઊંચું કરતા કે નથી તો નીચું. નથી તો આસન પર બેસતા ઝડપ કરતા કે નથી તો વિલંબ કરતા. તેઓ નથી તો હાથની સહાય લઈને બેસતા કે નથી અસહાય શરીરને ફંગોળતા હોય તેમ બેસતા. તેમના હાથ-પગ પણ અચંચળ રહે છે. ન તો ઘૂંટણ પર ઘૂંટણ ચઢાવીને બેસે છે કે ન હથેળીમાં દાઢી રાખીને. શ્રમણ ગૌતમ અત્યંત નિશ્ચલ,

સ્વસ્થ તેમજ સ્વ-સ્થિત થઈને બેસે છે. તેઓ હંમેશાં અભય, અકંપિત, અવિચલિત, અરોમાંચિત અને વિવેકયુક્ત રહીને બેસે છે. એમના બેસવામાં સૌમ્ય ગંભીરતા સમાયેલી હોય છે.

ભોજન ગ્રહણ કરતાં પહેલાં તેઓ પોતાના પાત્રને ધુએ છે. પાણી લેતી વખતે તેઓ પાત્રને નથી તો બહુ નીચું કરતા કે નથી તો બહુ ઊંચું. પાત્રને ભૂમિ પર મૂકીને પોતાના હાથ ધોતા નથી, પાત્ર ધોતી વખતે જ તેમના હાથ ધોવાઈ જાય છે અને હાથ ધોતી વખતે તેમનું પાત્ર, હાથ તેમજ પાત્ર ધોયેલું પાણી નથી તો ઘણું દૂર ફેંકતા કે નથી તો ઘણું પાસે. આ રીતે તેમનું દરેક હલન-ચલન અત્યંત અનુશાસિત હોય છે. તેઓ ભોજન પણ પોતાની અનુભવેલી માત્રા સુધીનું જ લે છે. કોળિયો પણ પ્રમાણસર લે છે. પૂરું ચાવીને ગળામાં ઉતાર્યા પછી જ બીજો કોળિયો મોંમાં મૂકે છે. મોંમાંથી ખોરાકનો એક કણ પણ શરીર પર કદાપિ પડતો નથી. ભોજન કરતી વખતે તેનો રસાસ્વાદ જરૂર કરે છે પરંતુ તેમાં રાગની વૃત્તિ હોતી નથી. તેઓ શોખ કે સ્વાદ માટે ખાતા નથી પરંતુ શરીરની યથાવશ્યક સ્થિતિ ચાલુ રાખવા, શુદ્ધ ધર્માચરણનું જીવન ટકાવી રાખવા, જેટલું જરૂરી હોય તેટલું જ ભોજન લે છે. ભોજનોપરાન્ત પણ સંયમિત રૂપથી જ પાત્ર અને હાથ ધુએ છે. ભોજનનું તેઓ સદાય અનુમોદન કરે છે, કદી નિંદા કરતા નથી. અનુમોદન કરતી વખતે એવો આભાસ પણ થવા દેતા નથી કે આવું ભોજન હજી વધારે કે વારંવાર જોઈએ છે. પછી જે શાંતિથી આવ્યા હતા તે રીતે માપી માપીને પગલાં ભરતા વિદાય લે છે. સ્વસ્થાને આવીને પલાંઠી વાળીને, કાયા ટટાર રાખીને સજગતાથી બેસે છે. એમનું ચિંતન સદા આત્મહિત, પરહિત, ઉભયહિત અને સર્વલોકહિત જ હોય છે.

ધર્મોપદેશ સમયની તેમની વાણી પ્રામાણિક, વિશ્વસનીય, સરલ, શ્રવણમધુર, સારયુક્ત તેમજ કલ્યાણકારી હોય છે. તેમાં પ્રેમ, કરુણા, ગંભીરતા વગેરેના ભાવો અનુભવાય છે, તથા સાંભળનારનાં હૃદયોને

ઝણઝણાવી મૂકી આનંદ અર્પે તેવી હોય છે. શ્રોતા-સમુદાય પ્રમાણે જ પોતાની વાણીને ઊંચી કે નીચી રાખે છે. દરેક શ્રોતા બરાબર સાંભળી શકે તેવી જ રાખે છે. આ રીતે પોતાના અવાજ પર પૂરું નિયંત્રણ હોય છે. એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમજ કલ્યાણી વક્તૃત્વ શ્રોતાઓથી ભૂલાતું નથી, ચિરસ્મરણીય બની જાય છે.

ઉત્તરમાણવક તો બુદ્ધની પ્રશંસા કરતાં થાકતો જ નથી. આગળ ઉપર પણ ગુરુ બ્રહ્માયુને કહ્યું કે - મેં શ્રમણ ગૌતમને નમન કરતાં જોયા છે. ઊભા રહેલા, ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતા, ભોજનોપરાન્ત બેઠેલા, પરિષદને ઉપદેશ આપતા પણ જોયા છે. મેં આ દિનચર્યા એક વખત નહિ પરંતુ વારંવાર જોઈ છે. એને સર્વથા નિર્દોષ જ નહિ, બલ્કે એક સંન્યાસી માટે આદર્શરૂપ પણ લાગી છે. હું આ જોઈને અતીવ પ્રસન્ન થયો છું. હજીય તેને સંતોષ નહિ થતાં બોલે છે કે - 'સિદ્ધાર્થ ગૌતમ આવા છે, આવા છે એટલું જ નહિ, આનાથી પણ કંઈ કેટલાય વધારે છે ! કેટકેટલું કહું ?'

ધ્યાન રાખવા જેવી બાબત છે કે ઉત્તરમાણવક કંઈ બુદ્ધનો ભાવુક ભક્ત કે શ્રદ્ધાળુ શિષ્ય ન હતો કે અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા કરે. તે પ્રકાંડ પંડિત પણ હતો અને એક બે નહિ પરંતુ સાત સાત મહિના સાથે જ રહીને સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણને અંતે તેણે આ ઉદ્‌ગારો કાઢ્યા હતા.

ભગવાનનું જીવન કેટલું ભદ્ર છે ! ભવ્ય છે ! શિષ્ટ છે ! શાલીન છે ! સંયત છે ! સુંદર છે ! અનુશાસિત છે ! આ સાંભળીને બ્રહ્માયુ શ્રદ્ધાવિભોર થઈ ગયા અને જે દિશામાં ભગવાન વિહાર કરી રહ્યા હતા તે તરફ મોં કરીને પંચાંગ પ્રણામ કરતાં ત્રણ વખત બોલ્યા કે 'તે અરિહંત, જાગ્રત ગૌતમને હું નમસ્કાર કરું છું.'

(વિશ્વના કોઈ પણ ધર્મના કોઈ પણ સાધુને પારખવાની કેવી અજોડ તેમજ સચોટ આ રીત છે !)

**—સંકલન**

**(શ્રી સત્યનારાયણ ગોયન્કાજીના લેખના આધારે.)**

## ॥ અકથ કહાની પ્રેમ કી ॥

પ્રેમ ન બાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બિકાય ।
રાજા પરજા જેહિ રુચૈ, સીસ દેય લૈ જાય ॥
પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોય ।
ઢાઈ આખર પ્રેમ કા, પઢૈ સો પંડિત હોય ॥
પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાય ।
જબ મૈં થા તબ હરિ નહિ, જબ હરિ હૈ મૈં નાહિં ॥
કબીર બાદલ પ્રેમ કા, હમ પર બરસા આઈ ।
અંતર ભીગી આત્મા, હરી ભઈ બનરાઈ ॥
જિહિ ઘટ પ્રીતિ ન પ્રેમરસ, પુનિ રસના નહિં રામ ।
તે નર ઈસ સંસાર મેં, ઉપજિ ભયે બેકામ ।
રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય ।
મતવાલા દીદાર કા, માંગે મુક્તિ બલાય ॥
અકથ કહાની પ્રેમ કી, કછુ કહીં ન જાય ।
ગૂંગે કેરી સરકરા, ખાઈ ઔર મુસકાય ॥

—કબીર

## ॥ પ્રેમની અકથ કહાની ॥

પ્રેમ ન બાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બિકાય ।
રાજા પરજા જેહિ રુચૈ, સીસ દેય લૈ જાય ॥

કબીર એકદમ અનોખા છે. અશિક્ષિત છે, પણ જીવનના અનુભવો દ્વારા એ કંઈક સાર પામી ગયા છે. વળી, એ પંડિત નથી, એટલે સારની વાત સંક્ષેપમાં કહી છે. એમાં વિસ્તાર નથી. બીજનાં જેવાં એમનાં વચન છે - બીજમંત્રનાં જેવાં !

પ્રેમ ઉપજાવવાનો, ખેતીવાડી કરવાનો કોઈ ઉપાય નથી. પ્રેમને કલ્ટિવેટ કરી શકાતો નથી, નહિ તો બજારમાંથી ખરીદી લેત, કોઈ પાસેથી ઉધાર લઈ લેત, કોઈ પાસેથી શીખી લેત, કોઈ ગુરુની પાસે બેસી જાત અને પ્રેમ શીખી લેત; પ્રેમ શીખી પણ નથી શકાતો.

પ્રેમ ન બાડી ઉપજૈ - પ્રેમ બગીચામાં પેદા નથી થતો; પ્રેમ ન હાટ બિકાય - નથી એ બજારમાં વેચાતો. રાજા પરજા જેહિ રુચૈ સીસ દેય લૈ જાય - અને પ્રેમના જગતમાં રાજા અને પ્રજાનોયે કોઈ ભેદ નથી; ગરીબ-અમીરનો કોઈ સવાલ નથી; ભિખારી અને સમ્રાટ ત્યાં સરખા છે. સૂત્ર એક છે - સીસ દેય લૈ જાય. જેને પણ પ્રેમ જોઈએ, એણે પોતાને ખોવો પડશે - પોતાના અહંકારને, પોતાના દંભને 'હું' ભાવને - જે 'સીસ' છે, એ શિર ખોવું પડશે અને જ્યાં સુધી તમે શિર ખોવા રાજી ન થાઓ, ત્યાં સુધી પ્રેમ પેદા નહિ થાય.

શિર ખોવાના બે અર્થ છે. પહેલો અર્થ તો છે તમારો અહંકાર નષ્ટ થાય. શિર અહંકારનું પ્રતીક છે; એટલે તો તમે જ્યારે સમર્પણ કરો છો ત્યારે તમે કોઈનાં ચરણોમાં શિર નમાવો છો. શિર શા માટે ? શરીરમાં બીજાં અંગો પણ છે, પરંતુ શિર અહંકારનું પ્રતીક છે. અહંકારથી ભરેલું મન જે વિચારે છે કે હું જ બધું છું કે હું આ જગતનું કેન્દ્ર છું, એ કોઈના પ્રેમમાં નથી પડી શકતું, કારણ કે પ્રેમનો અર્થ છે : બીજાને પોતાના જીવનનું કેન્દ્ર બનાવી લેવું; બીજા એટલા મૂલ્યવાન બની જાય કે 'હું' પરિઘ બની જાય અને બીજા કેન્દ્ર થઈ જાય; હું બીજાને માટે જીવું કે મરું; મારા શ્વાસ બીજાને માટે આવે અને જાય, જરૂર પડે તો હું મને મરવા દઉં, પણ બીજાને બચાવું.

પ્રેમનો અર્થ છે કેન્દ્રનું રૂપાંતર...પ્રેમનો અર્થ છે પોતાના

અહંકારને વિસર્જિત કરવાની કલા. જ્યાં પ્રેમ છે ત્યાં અહંકાર નમી પડે છે..પ્રેમ હોય તો અહંકાર ન હોય.

તો શીશનો એક અર્થ છે અહંકાર અને બીજો અર્થ છે વિચાર, કારણ કે તમારા શિરમાં બધા વિચારોનો સંગ્રહ છે. તમે વિચાર્યા જ કરો છો. સંગત-અસંગત પુષ્કળ વિચારોની ભીડ તમારા મનમાં જામતી રહે છે. એ વિચારોની અતિશય ભીડને કારણે તમારી ઊર્જા, તમારી શક્તિ ખોવાઈ જાય છે, પ્રેમ કરવા માટે કાંઈ બચતું જ નથી..વિચાર અને અહંકાર - બંને છૂટી જાય તો તમારું શિર ગયું. હવે પ્રેમની સંભાવના ખૂલી છે. હવે પ્રેમ ખીલશે.

પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોય ।
ઢાઈ આખર પ્રેમ કા, પઢૈ સો પંડિત હોય ॥

પોથી વાંચી વાંચીને અનેક લોકો મરી જાય છે; જીવનભર વાંચતાં રહે છે અને મરી જાય છે, તોપણ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે જ્ઞાનને વિચાર સાથે કોઈ સંબંધ નથી. વિચારો તો ઘણા પ્રાપ્ત થાય છે. જેટલું તમે વાંચશો, સાંભળશો, એટલું સંગ્રહ કરશો - સ્મૃતિ ભારે થતી જશે. તમે ઘણું બધું જાણી લેશો જાણ્યા વગર, પિછાન્યા વગર, કેવળ શબ્દોને લીધે તમને એવી ભ્રાંતિ થશે કે હું જ્ઞાની થઈ ગયો છું.

કબીરને મન પાંડિત્યની વ્યાખ્યા જ્ઞાનની વ્યાખ્યા છે - જેણે પ્રેમના અઢી અક્ષર વાંચી લીધા છે અને પ્રેમના અઢી અક્ષર વાંચવાનો કોઈ ઉપાય પોથીમાં નથી; જીવનની પોથીમાં જ વાંચવું પડે. જીવનના પ્રાંગણમાં જ એ અઢી અક્ષર વાંચી શકાય છે.

ઢાઈ અક્ષર-હિંદીમાં જે શબ્દ છે - પ્રેમ, એમાં અઢી અક્ષર છે, પણ કબીરનો આશય ગહન છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈના

પ્રેમમાં પડે છે, ત્યારે ત્યાં ઢાઈ અક્ષર પ્રેમ કે પૂરા થાય છે. એક તો પ્રેમ કરનાર - એક; જેને પ્રેમ કરે છે તે - બે; અને બંનેની વચ્ચે કંઈક છે, અજ્ઞાત - તે ઢાઈ. એને કબીર અર્ધો કેમ કહે છે ? અઢી શા માટે ? ત્રણ કહી શક્યા હોત. અર્ધો કહેવાનું કારણ છે અને બહુ મધુર કારણ છે. કબીર કહે છે કે પ્રેમ ક્યારેય પૂરો નથી થતો. તમે કદી તૃપ્ત નથી થતા. ક્યારેય એમ નથી લાગતું કે બસ થઈ ગઈ પૂર્તિ, સંતુષ્ટ થઈ ગયા. પ્રેમ ગમે તેટલો થતો જાય, અધૂરો જ રહે છે. એ પરમાત્મા જેવો છે - ગમે તેટલો વિકસિત થતો જાય, પૂર્ણથી પૂર્ણતર થતો જાય, તોપણ વિકાસ ચાલુ છે. જાણે પ્રેમનું જે અધૂરાપણું છે એ એની શાશ્વતી છે.

પ્રેમ ગલી અતિ સાંકરી તામેં દો ન સમાય ।
જબ મૈં થા તબ હરિ નહિ, જબ હરિ હૈ મૈં નાહિં ॥

બહુ સાંકડી ગલી છે પ્રેમની. એનાથી સાંકડી બીજી કોઈ ગલી નથી. ત્યાં બે નહિ સમાઈ શકે. શરૂઆતમાં તો અઢી હોય છે; પરંતુ છેવટે પ્રેમ જ બચે છે. બાકીના બે ખોવાઈ જાય છે, પણ બંનેને લાગે છે કે હું ખોવાઈ ગયો છું, બીજો છે. બીજાને લાગે કે પ્રેમી ખોવાઈ ગયો છે, હું છું; પણ ખરેખર તો બંને ખોવાઈ જાય છે; પ્રેમ જ બચે છે. તે જે મધ્યમાં છે, એ જ બચે છે; બંને છેડા ખોવાઈ જાય છે.

'પ્રેમની ગલી સાંકડી છે, તેમાં બે ન સમાય. જ્યારે હું હતો ત્યારે હરિ નહોતા, જ્યારે હરિ છે ત્યારે હું નથી.' એટલે પરમાત્માનું મનુષ્ય સાથે કદી મિલન નથી થતું, થઈ જ નથી શકતું, કારણ કે જ્યારે મિલનની ઘડી આવે છે, ત્યારે મનુષ્ય ખોવાઈ જાય છે અને જ્યાં સુધી મનુષ્ય હોય છે ત્યાં સુધી મિલનની ઘડી આવતી નથી. એમ જ માનો કે જેમ ટીપાને તમે

સાગરમાં નાખો ત્યારે જ્યાં સુધી ટીપું સાગરમાં પડી ગયું ન હોય, હજી થોડે દૂર, થોડે દૂર, થોડે દૂર છે, ત્યાં સુધી એ છે. સાગર પણ છે, ટીપું પણ છે - આ અઢીની દશા છે. હજી વચ્ચે થોડું અંતર છે. એ અંતર પ્રેમથી ભરેલું છે; આકર્ષણથી ભરેલું છે. ટીપું સાગર તરફ જઈ રહ્યું છે, પણ હજી મિલન નથી થયું, જે ઘડીએ મિલન થશે એ દિવસે એક રહી જશે. નહિ સાગર હોય, નહિ ટીપું હોય. ટીપાને લાગશે કે સાગર બચ્યો, સાગરને લાગશે કે ટીપું બચ્યું.

લોકો કહે છે કે પરમાત્માને શોધવા છે. લોકો કહે છે કે ક્યાં છે પરમાત્મા ?-અમારે એને શોધવો છે. લોકો કહે છે કે પ્રમાણ શું છે કે પરમાત્મા છે ? એમને ખબર નથી કે પોતે શું કહી રહ્યા છે, કારણ કે પરમાત્માને શોધવાની એક જ રીત છે - પોતાને ખોઈ નાખવો. જ્યાં સુધી તમે રહેશો, ત્યાં સુધી તમને એની પ્રતીતિ નહિ થાય. જ્યારે તમે નહિ રહો, ત્યારે પ્રતીતિ થશે. એટલે તમે તો ક્યારેય પ્રમાણ નહિ મેળવી શકો કે એ છે. તમારા ખોવાઈ જવાથી જ પ્રમાણ મળશે. જે ખોવાઈ ગયો, એણે પ્રમાણ મેળવ્યું. જે પ્રમાણ શોધતો રહ્યો, એને લાગ્યું કે પરમાત્મા નથી. પણ બહુ ગમ્મતની વાત છે કે મૂઢતાની, કે દરેક મનુષ્ય શબ્દની સંપત્તિ પર બેઠો બેઠો ઘમંડ કરે છે કે હું કંઈક જાણું છું.. 'પોથી વાંચીવાંચીને જગત મર્યું, પંડિત ન થયું કોઈ; અઢી અક્ષર પ્રેમના, સમજે તે પંડિત થાય.'

કબીર બાદલ પ્રેમ કા, હમ પર બરસા આઈ ।
અંતર ભીગી આત્મા, હરી ભઈ બનરાઈ ॥

શબ્દોનાં વાદળોથી શું વર્ષા થાય ? શબ્દોનાં વાદળોથી વર્ષા થાય તોપણ શું તમારો બગીચો લીલોછમ થઈ જશે ? શું વૃક્ષોને

ફૂલો આવશે ? વૃક્ષોને તમે છેતરી નહિ શકો. શબ્દોની વર્ષાથી તેઓ છેતરાશે નહિ. તેઓ અસલી જળ ઇચ્છે છે. અસલી જળ અનુભવનું જળ છે.

'કબીર વાદળ પ્રેમનું, અમ પર વર્ષા થઈ' - અને જેવા તમે શિરને હટાવી દેશો, વર્ષા થશે. જેવો તમારો અહંકાર દૂર થશે કે તરત વાદળ વરસી જશે. વાદળ તો ઝળૂંબી જ રહ્યું છે તમારી ઉપર હંમેશાં. વાદળે તો એક ક્ષણ પણ તમને છોડ્યા નથી, કારણ કે એ તમારો અન્તરતમ સ્વભાવ છે. એ તમારા આત્માના હોવાનો ગુણ છે. પ્રેમ કોઈ એવી વસ્તુ નથી કે જેને આપણે બહારથી લઈએ છીએ અને આપીએ છીએ. પ્રેમ તો એ રીતે જ છે જેમ આગમાં અગ્નિ છે અને જળમાં શીતલતા - આમ જ આત્મામાં પ્રેમ છે; પણ તમારી નજર એ તરફ નથી, તમે પીઠ કરીને ઊભા છો. પોતાની જ તરફ પીઠ કરીને ઊભા છો. વાદળ તો ઝળૂંબી રહ્યું છે. કોઈ કોઈ વાર એનો અવાજ પણ તમને સંભળાય છે, પણ તમારું મન એવું છે કે તમે વિવેચન કરો છો.

વાદળ તો તમારી ચારે તરફ ઘૂમરાઈ રહ્યું છે, જેઓ જોઈ શકે છે, તેઓ જોઈ શકે છે. પણ તમારું શિર વચ્ચે ઊભું છે. વાદળ તમારી પર વરસી નથી શકતું. વરસે તોયે તમે ચીકણો ઘડો છે - તમારું શિર ચીકણા ઘડા જેવું છે - એ આખું વીખરાઈ જાય છે; તમારા હૃદય સુધી પહોંચી નથી શકતું. અને એ જ છે વનરાઈ, જેની કબીર વાત કરે છે :

કબીર વાદળ પ્રેમનું, અમ પર વર્ષા થઈ;
અંતર ભીંજ્યો આત્મા હરિત થઈ વનરાઈ.

આખું જંગલ હરિત થઈ ગયું. હૃદય છે પણ જંગલ જેવું -

વાઈલ્ડ. બુદ્ધિ તો પરિષ્કૃત છે, સંસ્કૃત છે, સભ્ય છે, સમાજની છે. હૃદય તો જંગલ જેવું છે - અપરિષ્કૃત, આદિમ, અસંસ્કૃત, અસભ્ય. એ તો જંગલી જાનવર જેવું, વૃક્ષો જેવું, આકાશનાં વાદળો જેવું છે. મનુષ્યનો હાથ હજી હૃદય સુધી પહોંચી શક્યો નથી, પહોંચી પણ ન શકે. સમાજ તમારા શિરથી આગળ નથી જઈ શકતો. તમારા હૃદય સુધી તો કેવળ પરમાત્માની જ પહોંચ છે.

તો કબીર કહે છે : જ્યારે કોઈ શિરને છોડી દે છે - અહંકારને, વિચારને - ત્યારે વર્ષી જાય છે વાદળ.

'અંતર ભીંજ્યો આત્મા, હરિત થઈ વનરાઈ.'

જિહિ ઘટ પ્રીતિ ન પ્રેમરસ, પુનિ રસના નહિ રામ ।
તે નર ઈસ સંસાર મેં, ઉપજિ ભયે બેકામ ॥

તમને મૃત્યુની ક્ષણે જણાશે કે તમારું જીવન વ્યર્થ ગયું; જો તમારા હોઠ પર એ પ્રિયનું નામ ન આવે અને જો તમારા હૃદયઘટમાં એનો પ્રેમરસ ન ભરાય તો મરતી વખતે તમને જણાશે કે અવસર વીતી ગયો. તમે બારણું ખોલીને જોશો કે ઘણી વાર એના રથે તમારા હૃદયમંદિર સુધી આવવાનો પ્રયત્ન કર્યો, ઘણી વાર એનાં ચરણચિહ્ન તમારાં પગથિયાં પર પડ્યાં, ઘણી વાર એણે ટકોરા માર્યા, પણ દરેક વખતે તમારી ખોપરીએ માની લીધું - આકાશમાં વાદળાંનો ગડગડાટ છે, પવનના સપાટા છે, કોઈ આલતુફાલતુ જતો હશે રસ્તા પર. તમે અવસર ચૂકતા ગયા - મૃત્યુની ક્ષણે તમને જણાશે.

જેઓ સારી રીતે જીવન જીવ્યા હોય, જેણે જીવનના રહસ્યને જાણ્યું - પિછાણ્યું હોય અને જેના મંદિરમાં પરમાત્મા પ્રવેશ્યા હોય, જેનું સિંહાસન ખાલી ન રહ્યું હોય, જેના હૃદયમાં પ્રેમરસ ભર્યો હોય અને જેની રસના પર રામનું નામ રહ્યું હોય,

એ આનંદપૂર્વક મૃત્યુનું સ્વાગત કરે છે. જેણે જીવનને જાણ્યું, એને કોઈ મૃત્યુ નથી. એ જીવનને જાણીને મૃત્યુને વિશ્રામ સમાન જુએ છે - એક ગહન વિશ્રામ જીવનના થાક પછી. તમે ડરશો. ડર જીવન વ્યર્થ જવાથી લાગે છે.

હંમેશાં પોતાના હૃદયમાં જોતા રહેવું કે ત્યાં પ્રેમનો રસ હજી સુધી ભરાયો છે કે નહિ. સમય વીતી રહ્યો છે. તમે સમયને રોકી નહિ શકો. તમે પાછો પણ નહિ આપી શકો. કોઈ ક્યારેય પાછો નથી આપી શક્યું. કોઈ સમયની ધારાને રોકી નથી શક્યું. એ જઈ રહ્યો છે. પ્રત્યેક પળે તમારા હાથમાંથી જીવન સરકી રહ્યું છે. પ્રત્યેક ક્ષણે તમે મોતની નજીક જઈ રહ્યા છો. કોઈ પણ ક્ષણે મૃત્યુ આવી પહોંચશે. અને મૃત્યુ કોઈને ક્ષમા નથી કરતું અને મૃત્યુ કોઈ પર દયા નથી કરતું અને મૃત્યુ પાસે તમે એક ક્ષણ પણ વધારે માગશો તો એ પણ નહિ મળી શકે.

હંમેશાં જોતા રહેજો તમારા હૃદયમાં કે ત્યાં પ્રેમનો રસ હજી સુધી ભરાયો છે કે નહિ. અને જો ભરાયો ન હોય, અને જણાય કે ત્યાં મરુભૂમિ છે, ત્યાં વર્ષા પહોંચી જ નથી, તો ઉતાવળ કરજો શિરને જુદું કરી દેવાની. એ જ ધ્યાન છે. એ જ પ્રાર્થના છે. શિરને જુદું કરી નાખવાની કલા યોગ છે. અહંકાર અને વિચાર છૂટી જાય તો તમારું હૃદય રસથી સભર થવા માંડશે. વર્ષા તો થઈ રહી છે; તમારું હૃદય તમારા શિરના ઢાંકણથી બંધ છે.

'જે ઘટમાં ન પ્રીતિ ન પ્રેમરસ, વળી જીભ પર નહિ રામ' - એને જેનું હૃદય પ્રેમરસથી સભર થાય છે, એના હોઠ પર રામનું નામ આવી જાય છે. રામના નામનો અર્થ એ નથી કે તમે રામ-રામ, રામ-રામ જપ્યા કરો; મોઢું, તમારા હોઠ એના સ્વાદથી ભરાઈ જાય છે. તમારી જીભ પર એના સ્વાદ વગર બીજો કોઈ સ્વાદ ટકતો નથી. ચોવીસ કલાક જાણે સાકર મૂકી

હોય તમારા મોઢામાં, એમ એનું, રામનું નામ પીગળતું રહે છે. એનું માધુર્ય તમારા સમગ્ર જીવનમાં, તમારા રૂંવેરૂંવામાં ગુંજતું રહે છે :

રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય ।
મતવાલા દીદાર કા, માંગે મુક્તિ બલાય ॥

બહુ અનોખી વાત કબીર કહે છે. તેઓ કહે છે કે જે એના નામના રસમાં ડૂબી જાય - રાતા માતા નામ કા, જે એના નામના પ્રેમથી મત્ત થઈ જાય, ઉન્મત્ત થઈ જાય, પાગલ થઈ જાય - રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય । - તે એટલો પ્રેમ પી જાય કે પ્રેમ ઉપરથી વહેવા માંડે ! તમે ત્યારે જ બીજા લોકોને પ્રેમ કરી શકશો, જ્યારે પરમાત્માના પ્રેમથી એટલા સભર થઈ જાઓ કે 'ઓવરફ્લો' થઈને તમારા ઘટની ઉપરથી વહેવા માંડે. એ સ્થિતિ જ ઉન્મત્તની સ્થિતિ છે.

આ સંસારમાં બધાં એકબીજા પાસે પ્રેમ માગે છે - દીકરો બાપ પાસે, પતિ પત્ની પાસે, મિત્ર મિત્ર પાસે. બધા એકબીજા પાસે પ્રેમ માગે છે...જેની પાસેથી આપણે માગીએ છીએ, એ પણ આપણી પાસેથી માગવા આવ્યા છે. તેથી પ્રેમ અસફળ થાય છે..બધા કહે છે પ્રેમ આપશું, પણ બધાં માગી રહ્યા છે.

રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય !

પણ જેઓ માથું કાપીને મૂકી દે છે - 'શીશ દેઈ લે જાય, રાજા પરજા જેહિ રુચૈ' - તે ઉન્મત્ત થઈ જાય છે. તે મત્ત થઈ જાય છે. એક મસ્તી આવી જાય છે.

એના રોમરોમમાંથી પ્રેમ ઝરવા માંડે છે. 'મતવાલા દીદાર કા, માંગે મુક્તિ બલાય - તે મુક્તિ પણ નથી માગતો. તે પરમાત્માને કહેતો નથી કે મને, મુક્તિ આપો. એ કહે છે : મારી

બલા મુક્તિ પડે ખાડામાં, મારે ફક્ત તારાં દર્શન કરવાં છે. ભક્તો મુક્તિ નથી માગતા, ભક્તો કહે છે, ફક્ત તારાં દર્શન થઈ જાય. મતવાલા દીદાર કા - બસ તારાં દર્શન થઈ જાય. એક વાર તને આંખ ભરીને જોઈ લઉં ! માંગે મુક્તિ બલાય. પછી મુક્તિની મને કોઈ આકાંક્ષા નથી.'

ધ્યાનમાં રાખો, એક જ મુક્તિ છે અને એ મુક્તિ છે 'હું' થી મુક્તિ. મારી કોઈ મુક્તિ ન થઈ શકે. હું કેમ મુક્ત થાઉં ? હું જ તો બંધન છું. તેથી 'હું' કદી મુક્ત ન થઈ શકે. 'હું'નો કોઈ મોક્ષ નથી, 'હું'થી મોક્ષ છે.

કબીર કહે છે : 'રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય । મતવાલા દીદાર કા, માંગે મુક્તિ બલાય ॥' તેઓ કહે છે, મારી બલા માગે મુક્તિ; હું તો ફક્ત તારાં દર્શન ઇચ્છું છું. તે મુક્તિને પણ છોડી દે છે, પણ એ છોડવામાં જ મુક્ત થઈ જાય છે, કારણ કે એક જ મોક્ષ છે - જ્યાં કોઈ વાસના ન રહી હોય. એ જ મોક્ષ છે. એ વાસનાયે નથી કે હું મુક્ત થઈ જાઉં, ફક્ત દર્શન, ફક્ત તને જોઉં લઉં, ફક્ત તારાં દર્શન થઈ જાય, એક ઝલક મળી જાય.

અકથ કહાની પ્રેમ કી, કુછ કહીં ન જાય ।
ગૂંગે કેરી સરકરા, ખાઈ ઔર મુસકાય ॥

કબીર કહે છે આ કહાની છે પ્રેમની, જે કોઈ પોતાનું શીશ મૂકે તે લઈ જાય. જે કોઈ પોતાનું શિર પડવા દે, એની પર વરસી જાય છે પ્રેમનો મેઘ, હૃદયનો ઘટ સભર થઈ જાય છે, વહેવા માંડે છે ઉપરથી, વહેંચાવા માંડે છે બીજામાં. અને પ્રેમ એવી મુક્તિ છે કે ત્યાં મોક્ષનીયે ઇચ્છા નથી. પ્રેમ એટલી પરમ મુક્તિ છે કે ત્યાં મુક્તિનીયે વાસના રહેતી નથી. આવી અકથ કહાની પ્રેમ કી, કછુ કહી ન જાય । આ કહાની કહેવી મુશ્કેલી

છે. કહેવી અશક્ય છે. જાણે તે જાણે, જીવે તે જાણે, - અનુભવ થઈ જાય.

તેથી કબીર કહે છે : ગૂંગે કેરી સરકરા - જેમ મૂંગો ગોળ કે સાકર ખાય - ખાય અને હસે - સ્મિત કરે. હવે એ બેઠો બેઠો સ્મિત કરી રહ્યો છે, સ્વાદ લઈ રહ્યો છે. તમે પૂછો કે શી વાત છે ? તે મૂંગો છે. એ કાંઈ કહી નથી શકતો, સ્મિત કરે છે, પ્રસન્ન છે. ગૂંગે કેરી સરકરા, ખાઈ ઔર મુસકાય । જેણે એ પ્રેમનો રસ પીધો હોય એ સ્મિત કરે છે. એ મૂંગા જેવો થઈ જાય. કહેવાનું કાંઈ સૂઝતું નથી. સ્વાદથી એટલો સભર સભર થઈ ગયો છે કે કહેનાર રહ્યો નહિ. તમે એનું સ્મિત સમજી લો તો એ જ ઈશારો છે.

સંતોની પાસે જવું. તેઓ શું કહે છે એની બહુ ચિંતા ન કરવી, તેઓ શું છે એની જ ચિંતા કરવી. એમના હોવામાં જ ઈશારો છે. કહેવાની તો એ વાત નથી. ગૂંગે કેરી સરકરા, ખાઈ ઔર મુસકાય ।

સત્સંગનો એક જ અર્થ છે કે તમારે સંતોની પાસે બેસવું. જેમણે એ ગોળને ચાખ્યો છે, એ મીઠાશને, એ સ્વાદ જેણે ચાખી લીધો છે - તમે એમની પાસે બેસજો અને એમને બધાં રોમરોમમાં, એમના જીવનમાં વ્યાપ્ત જે એક આનંદનો ભાવ છે, એ જે એક સ્મિત છે, જે એક પ્રફુલ્લતા છે, જાણે એમનું રોમરોમ એક ફૂલ હોય, એની સુગંધ પીજો, એમના સ્વાદમાં ડૂબી જજો, એમના રંગમાં રંગાઈ જજો. તેઓ શું કહે છે એની બહુ ફિકર નહિ કરતા; તેઓ શું છે - તો જ તમે કદાચ સમજી શકશો. અને સમજી શકો તો તમારી ગતિ થઈ શકે, તમે આગળ વધી શકો.

**—અનુ. જયા મહેતા**

**(રજનીશજી)**

# ॥ પરમ પ્રેમમયી 'મા'નું સ્વદેશાગમન ॥

(તેઓશ્રીના મૌનમાંથી મુખરિત શબ્દોનો મર્મ)
'શ્રીગુરુદેવ પ્રભુની યોજના મુજબ
આજે વિદેશયાત્રા પૂર્ણ થઈ રહી છે.'

વિનમ્રતા - ભારોભાર વિનમ્રતા - સંપૂર્ણ અ-કર્તાભાવ પૂજ્યશ્રી'મા'ની યાત્રા આરંભાય કે પૂર્ણ થાય, દેશની હોય કે વિદેશની આ સર્વ આયોજના શ્રીગુરુદેવ પ્રભુની !

વિદેશથી ભારત પાછા ફરવાની યાત્રા પણ શ્રીગુરુદેવની યોજના અનુસાર પૂર્ણ થઈ રહી છે - હજી તો 'મા' પ્લેનમાં છે.

'તા.૪/૧૨/૨૪ બુધવારે સ્વર્ગારોહણની ધરતી ઉપર રાત સુધીમાં પહોંચીશું.' —અંદાઝ છે, અનુમાન છે, ધારણા છે.

ચાલુ વર્તમાનકાળ હોય કે ભવિષ્ય બધું પ્રભુ પર નિર્ભર !

પ્રભુનું કાર્ય પ્રભુ કરે - 'મા'નું કામ 'મા' ! તમારાં સૌનાં દર્શન કરીશું. (તમને દર્શન આપીશું એમ નહિ, દર્પ, 'હું'કારનું નામનિશાન નહિ.) ભક્તોને જોવાની આરત, ઝંખના, ઈચ્છા પૂરી કરીશું.

અને ગુરુવારથી નિત્યક્રમમાં 'તમારી સાથે જોડાઈ જઈશું' અમારી સાથે શિસ્ત-અનુશાસનથી જોડાઈ જશો એવા આદેશ નહિ.

સ્વદેશમાં આવી ગયાં, સ્વજનો સાથે હળી-મળી રહીશું. તેઓમાંના-તમારામાંના 'એક' થઈને રહેશું.

એમાં વિદેશથી આવ્યાનો થાકનો-વિરામનો ઉલ્લેખ સુદ્ધાં નહિ !

જે ૐ સ્વરૂપા છે, તેમની આ વિનમ્રતા સહજતા, સારલ્યા ક્યાં તેમની કક્ષા ને ક્યાં આપણી ! પણ 'પ્રેમના સ્તરે' બંને સમાન હોવાની વાત. પરંતુ પોતે તો પ્રભુના શ્રીચરણની રજ જ !

વળી, 'સદ્‌ગુરુનો' 'શ્રીગુરુ' તરીકે ઉલ્લેખ કરી, એ પર્યાપ્તના લાગતાં એમાં 'દેવ' શબ્દ ઉમેરી એમની અધિક મહત્તા કર્યા પછીય સંતોષ ન થતાં, એમાં 'છેવટે પ્રભુ' શબ્દ પ્રયોજી; ઉદાત્ત માનવ્ય-દેવત્વમાં દર્શનમાં પણ અધૂરપ જણાતાં છેવટે એમની સંપૂર્ણતા સંકેતતો 'પ્રભુ' શબ્દ પ્રયોજી, એમનો પૂર્ણ મહિમા પ્રકટ કરી; એમના આયોજન અનુસાર પોતાનું જીવન ચાલે છે એટલે આ વિદેશયાત્રા પણ પૂર્ણ થઈ રહી છે. એમ કહી, પોતાના સમગ્ર અસ્તિત્વમાં તેઓશ્રી કેવા અધિષ્ઠિત છે, તેનું સ્પષ્ટ નિદર્શન કરે છે.

**—સંકલન**

# ॥ શાશ્વત પર્વ તો પોતાના આત્માની ઉજવણીનું ॥

'સ્વર્ગારોહણ'માં તા.૪/૧૨/૨૦૨૪ થી ભક્ત સ્વજનોનાં દર્શન તથા તેમના સુખ દુઃખ સાંભળવાનું પર્વ પ્રારંભ પામ્યું છે.

'જે જે શ્રદ્ધાળુ સ્વજનો આવી શક્યાં તે સૌને મળી લીધું તે કાર્યક્રમ હવે તા.૧૩/૧૨/૨૦૨૪ સાંજે પૂર્ણ થશે.'

આઠે પ્રહર જે આનંદલોકમાં બિરાજે છે તેઓશ્રી ભક્તોનાં જ નહિ, ભક્ત સ્વજન છે, કેવું ગૌરવ કરે છે 'મા' કેવો અહેતુક પ્રેમ વરસાવે છે !

'તા. ૧૫ થી (૧૫/૧૨/૨૦૨૪) થી હવે 'વ્યક્તિગત સાધનાપર્વ' 'મા'નું પ્રારંભ પામશે. (૨૨મી સુધી-આઠ દિવસ)

હવે પછી આવનાર સૌ સ્વજનો આ વાતની નોંધ લે એવી પ્રાર્થના છે.'

પરમ પૂજ્ય 'મા' ભક્ત સ્વજનોને હળી-મળી, એમનાં સુખદુઃખ સાંભળવાની કૃપા સહજ ભાવે કરી દે.

પરંતુ એમનું મૂળ લક્ષ્ય સાધના-અવિશ્રાંત સાધનાનું એ તો ચૂકે જ નહિ - ફરી પાછા સ્વધામ-પોતાના મૂળ મુકામે આનંદલોકમાં-પ્રભુ સંનિધિમાં-રાબેતા મુજબ-જે એમનો સહજ સ્વભાવ, સહજ શીલ છે.

જે જે ભૂમિકા ભજવવાની આવે એ સમગ્રભાવે ભજવી લે પણ ફરી પાછો અસલ સ્થિતિમાં - સ્થિતિસ્થાપકતાનો ગુણ.

આમ, જે ૐ સ્વરૂપા છે તેમનો ભક્ત સ્વજનો સાથેનો નિતાન્ત સરલ, સહજ, પારદર્શક માનવીય સંબંધ એમની દિવ્યતાને - અલૌકિકતાને ઑર દિવ્ય, મધુર, પવિત્ર અને મનોહર બનાવી રહે છે.

સઘળાં પર્વો પડાવ છે, Flag station છે. ત્યાં થોડાક રોકાઈ ફરી પાછાં પોતાના 'નિર્ધારિત સ્થળે' destination પર ક્ષણમાં પાછા આવી જાય છે.

પર્વો બધાં - મળવાનાં, દર્શન કરવાનાં, સુખદુઃખ સાંભળવાના તત્કાલીન-ક્ષણજીવી ! શાશ્વત તો એક જ પર્વ celibrate myself' 'પોતાના આત્માની ઉજવણીનું પર્વ' પરમાત્માને પોંખવાનું પર્વ !

**—સંકલન**

## ॥ 'સ્વર્ગારોહણ'માં પૂજ્ય શ્રી'મા'ની સત્સંગ-અમૃતધારા ॥

✻ સ્ટીયરીંગ હાથમાં લેતાં પહેલાં મંત્રગાન કરી બધા દેવોને હાજર કરી દેવા.

એ પરમતત્ત્વો આપણાને મદદ કરવા રાહ જોઈને ઊભા જ હોય છે. બોલાવો તો આવે.

ને વળી આપણે સાચા ભક્ત હોઈએ તો તેડ્યા વગર પણ દોડે.

✻ 'સ્વ'માં વસ ને 'પર' થી ખસ, આટલું બસ.

✻ પોતે પોતાને શોધી તેમાં મસ્ત બનો. પર, પારકા, ઈતર સર્વ વળગણોથી ખસતા રહો.

✻ મીઠાં મધ ઝરતાં સ્વજનોનાં વળગણો પાંજરા જેવાં જ છે. ઘર, જોબ, સ્વજનો, ધંધા, કામ આ બધું કેટલું વળગણ છે ? મનથી છોડતા રહો. તન ભલે ત્યાં રહે મનથી પ્રભુને જોડતા રહો.

✻ કેટલીક ધરતીનો પ્રભાવ એવો હોય કે ત્યાં દોડીને પહોંચવું જ પડે. (ગંગાજી, હિમાલય)

✻ ગંગાજી જીવંત છે. ચિન્મય છે. એવી અનુભૂતિ જે એની પાસે જાય તેને મળતી રહે છે.

✻ હિમાલય કે ગંગાજી કદી કોઈને ખાલી હાથે પાછા ના મોકલે.

✻ જીવતા દેવને સંભાળવા એ પણ એક તપ છે.

✻ જીવન જ એક યાત્રા છે. જે દિવસે શ્વાસ લેવાનો મળે છે તે તે દિવસને ઉત્સવમય કરી દેવાનો.

✽ જેને અનુકૂળતા હોય, જેને રસ હોય, જેને પ્રેમ હોય, જેને શ્રદ્ધા હોય તે તે સ્વજનો આ 'સ્વર્ગારોહણ'નું પણ સાંભળીને સાચવી લેતાં શીખે.

✽ પીંજર પ્રભુ છોડાવે, સાથે ઉડવાની શક્તિ પણ આપે છે. પણ ઉડવું જ ના હોય તો શક્તિ પણ બિચારી શું કરે ?

✽ યાત્રા શબ્દનો એક અર્થ એવો પણ છે :—યા=યાતના ને ત્રા=ત્રાસ.

✽ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-ચારે વાત મળે ત્યાં યાત્રા પૂરી. (ટ્રેનની યાત્રા, પ્લેનની યાત્રા, પદની યાત્રા, શબ્દયાત્રા)

✽ (નજરે જુએ તેને જ સત્ય માનનારો આ યુગ છે.) શાસ્ત્રો લખે તે પણ માનો. ગુરુ કહે તે પણ માનો ને નજરે જુઓ તો પણ માનો. જેટલી શ્રદ્ધાથી જે માનશો ત્યાં તે ચમત્કાર પામશો.

✽ ચારેધામ ફરવું. ઈતિહાસ, ભૂંગોળ જાણવા માટે, ભારતની સંસ્કૃતિ જાણવા માટે ફરતાં રહેવું, ચાલતાં રહેવું અને દોડતાં રહેવું.

✽ દરેક પગલે પ્રભુને શોધતા ચાલો તો તે સાધના જ છે.

✽ દોડતી વખતે (આરોગ્યયાત્રામાં) દરેક પગલે પ્રાર્થના કરતાં રહો તો થાક ના લાગે.

['સ્વર્ગારોહણ'માં પૂ.શ્રી'મા' સવારે અને સાંજે અડધો-અડધો કલાક ('આરોગ્ય'યાત્રા) સ્વસ્થ સ્વાસ્થ્યની તકેદારીને લઈને પોતે ધીમી એક સરખી દોડે, દોડે છે તેમજ ભક્તો સાધકોને પણ પ્રેરે છે. જાગૃત કરે છે.]

✽ અમે જેટલું દોડીએ છીએ તો દરેક પગલાંના તાલે ખૂબ

સરસ પ્રાર્થના થતી રહે છે, ને શરીર તો જાણે ઉડવાનું હોય તેવું હલકું !

દોડ જેમ વધે તેમ હલકું લાગે. મન પ્રાર્થનામાં મસ્ત બની ડોલતું રહે. એવું થાય કે આખો દિવસ દોડ્યા કરીએ.

* આગળ પ્રભુ ચાલે છે તેને પકડવાના છે. એવા ભાવ સાથે, મંત્ર સાથે, પ્રાર્થના સાથે તાલબદ્ધ રીતે દોડવું.

* આ હરિફાઈ નથી. જ્યાં જે ધીમી ગતિએ શરૂ કરી તે ગતિ છેક સુધી પકડી રાખો.

* રોજના જીવનમાં જાગતા રહીને દરેક ક્ષણે જીવવાના પ્રયત્નો કરવાનાં છે.

* પ્રાર્થના નકામી જતી નથી. દરેક પ્રાર્થનાનો પ્રત્યુત્તર મળે છે.

* ૧૩ કરોડ જપ પૂરા થયા તો પ્રભુએ તરત જગાડ્યાં કે આટલાથી શું વળે ? એટલે બીજા ૧૩ કરોડ. આંકડા તો ગૌણ છે પણ એ બધી જપની રમતને અંતે શું મળે ? તે મહત્ત્વનું છે.

[પૂ.શ્રી‘મા’ને તા.૨૧/૧૨/૨૦૨૪નાં રોજ ૮૧ મૌનવ્રત દિન પૂરા થાય છે.]

* આ વર્ષે ૮૧ આ દેહે પૂરા થયાં. તો ૮૧ મૌનવ્રત પણ ગઈકાલે પૂરું થયું. આ દિવસો મસ્તીથી વીતે. વિસ્તારથી વિરામ તરફ મન ગતિ કરે. પરમાત્માનું અસ્તિત્વ છેક નિકટથી પામી શકીએ એવી ભૂમિકા ઊભી થાય.

* એકલા જ યાત્રા કરવાની છે. અંદરની આ યાત્રા માટે ટ્રેન, બસ, પ્લેન, અથડામણનો છેદ ઉડી જાય.

* જ્યાં છો ત્યાં જ તમે તમને મળી લો એટલે યાત્રા શરૂ.

✽ મળવાના અનેક રસ્તા છે. પ્રણામથી મળો, પ્રાર્થનાથી મળો, ધ્યાનથી મળો, જપથી મળો, ભજનથી મળો, પણ મળો પ્રભુને.

✽ ૨૬ કરોડ આ દેહે જપ કરાવી લીધા પરમાત્માએ. પછી કંઈ ચાદર ઓઢીને સૂઈ થોડું જવાય ? એટલે તરત જ ૨૬ અનુષ્ઠાન. એક અનુષ્ઠાન સવા લાખનુ. એ પછી એક પછી એક આહુતિ અપાતી ગઈ. પછી યજ્ઞમાં જ્યોતિ પ્રગટે. મૌનની એ મસ્તીમાં પદો પણ પ્રગટે ને મસ્ત બની મન પણ ડોલે. આઠે પ્રહર આનંદનું એ પર્વ માણવા જેવું છે.

✽ મૌનપર્વમાં કંઈક તો મળે જ છે. તો જ તે ગમે છે.

✽ મૌનપર્વમાં પણ પ્રભુ ઝોળી ખાલી રાખતા નથી. કંઈક ને કંઈક આપતા રહે છે. નાનું બાળક ચાલતાં શીખે તો રમકડું ધરીએ, ચૉકલેટ ધરીએ પ્રેમથી. તેને ચાલવા પ્રોત્સાહન મળે તો બાળક ચાલે. પછી દોડે તેમ અહીં પણ સાધક ચાલતાં શીખે. દોડતાં શીખે. તે માટે પરમાત્મા સરસ સરસ પ્રસાદ પીરસતા રહે છે.

છેલ્લા ત્રણ મહિનામાં ૪૫ જેટલાં પદોનો પ્રસાદ પરમાત્માએ ધર્યો છે. આ ડાયરીમાં જે પહેલો પદપ્રસાદ છે તે એક અનુભૂતિનો રણકાર છે.

કોણ અહીં આંગણે આવી ને ઝૂક્યું ?<br>
કોણે તેડ્યું ને ક્યાંથી એ આવ્યું ?<br>
જ્યાં પ્રગટ્યું ત્યાં વિલીન થનારું<br>
દૈવી દરબારનું વ્રત છે ન્યારું.<br>
પૂરેપૂરું જોને ના પરખાયું,<br>
ક્ષણમાં અવકાશે એ તો સીધાવ્યું.

ઉઘાડી આંખે રૂપ નિહાળ્યું,
તોયે ઊઠીને ના તે વધાવ્યું.
ક્ષમા કરી દો કૃત્ય અમારું,
વહાલથી સ્વીકારવાનું વ્રત તમારું.
પ્રાર્થનાનો પ્રત્યુત્તર લઈને પધાર્યું,
શ્રદ્ધાભક્તિનું ભાથું બંધાવ્યું. કોણ..
'મા' સર્વેશ્વરીએ ઋણ સ્વીકાર્યું,
કહીને આવવાનું કહેણ મોકલાવ્યું.
કોણ અહીં આંગણે આવીને ઝૂક્યું ?
કોણે તેડ્યું ને ક્યાંથી એ આવ્યું ?

✻ આપણે રોજના જીવનમાં ચાલવાનું કામ કરીએ જ છીએ તો દરેક પગલે એક નાની પ્રાર્થના કરવાની ટેવ પાડવા જેવી છે.

✻ પલંગમાં આંખ ઉઘડે ને પ્રાર્થના થઈ જાય તેવી જો ટેવ પડે તો ઉત્તમ.

✻ દોડવાની પ્રવૃત્તિ હોય કે ખાવાની પ્રવૃત્તિ હોય ! તેમાં પણ મનને કોઈ એક પ્રાર્થનામાં જોડેલું રાખો તો થાક ના લાગે.

✻ ચાલો કે દોડો ત્યારે પ્રભુ સાથે જ ચાલી રહ્યા છે, પ્રભુ આગળ દોડી રહ્યા છે. પ્રભુ આપણી વાતો સાંભળી રહ્યા છે. પ્રભુ આપણી સર્વ ચિંતાનો ઉકેલ શોધી રહ્યા છે. એમ માનીને મનને સતત એક પ્રાર્થનામાં જોડવાનો પ્રયત્ન કરવાનો છે.

✻ દોડતી વખતે અમે (પૂ.શ્રી'મા') દરેક પગલે એક, છેક ટૂંકી ને નાની તાલબદ્ધ પ્રાર્થના સાથે દોડતા રહીએ છીએ. તો એવું લાગે કે કલાકો સુધી દોડી શકાય, ને થાકને ભૂલી જવાય.

* આ દર કલાકનાં મંત્રગાનમાં ['સ્વર્ગારોહણ'માં દર એક કલાકે ૐ યોગેશ્વરાય નમઃ મંત્રનું ત્રણવાર ગાન થાય છે.] પણ એક સરસ સંદેશ છે.

દર કલાકે પ્રભુ ત્રણ મંત્રગાન સાથે ત્રણ ડગલાં ભરીને આપણને મૃત્યુના મંગલમંદિરે તેડવા પાસે આવી રહ્યા છે. દરેક કલાકે આપણને યાદ કરાવે છે કે જીવનનો એક કલાક ઓછો થઈ ગયો છે. દર કલાકે મૃત્યુની નજીક આવી રહ્યાં છીએ. ત્રણ મંત્રદ્વારા પરમાત્મા આપણને જગાડી રહ્યા છે.

* આજે આપણે દોડીશું તો તમે પોતે જ કોઈ એક પ્રાર્થના કરવાનો પ્રયત્ન કરજો, તો એ દોડવું એ પણ સાધના થઈ જશે. એ દોડવું એ પણ એક જપયાત્રા, પ્રાર્થનાયાત્રા કે ધ્યાનયાત્રા પણ થઈ જશે.

* એક સરખી ધીમી ગતિએ પ્રાર્થનામય મન સાથે દોડવાનું શરૂ કરો તો તે પણ એક તપ જ છે.

* પ્રાર્થનામાં જેટલું મન જોડાશે તેટલું દેહથી ઉપર ઉઠાશે.

* મંત્રજપ કરવા ગમતા હોય તો દરેક પગલે એને મંત્રજપમાં જોડી દેવું.

* ફક્ત ૐકાર ગમે તો લાંબા ઊંડા શ્વાસ સાથે ૐકાર જપતા જપતા દોડો.

* સંગીતનાં તાલ સાથે પગલાં મિલાવો. મનને મંત્રનાં તાલમાં જોડી દો. તો દોડવાનો થાક ઉતરી જશે. ને તમે દોડો છો એ પણ ભૂલાઈ જશે.

**—સંકલન**

## ॥ 'સ્વર્ગારોહણ'માં પરમ પૂજ્ય 'મા'ની સ્નેહસંનિધિ ॥

તા.૩૧ ડિસેમ્બર, મંગળવારના રોજ પૂ.શ્રી'મા' રોજની નિર્ધારિત બેઠકમાં સાંજે ચાર વાગ્યે પધારે છે અને પ્રારંભે જ તેઓશ્રી પૂજ્યશ્રીના મંગલ પ્રવચનને મોબાઈલ પરથી વહેતું કરે છે. જેમાં પૂજ્યશ્રીએ પોતાની ૧૯/૨૦ વર્ષની વયે હિમાલય યુનિવર્સિટીમાં પ્રવેશી, દીર્ઘ-કઠોર તપશ્ચર્યાની વાત હતી. તેમાં શરૂઆતમાં માતાજી વિના એકલા અને પછી માતાજી સાથે હિમાલયમાં વર્ષો (વસવાટ કર્યાની વાત હતી) સાધનામાં ગાળ્યાની વાત કરી અને સવિશેષ તો ૩૧ દિવસ પાણી પર રહ્યાની વાત કરે છે, જેની પાછળ પરમાત્માદર્શનની તીવ્ર ઝંખના આરત અને પ્યાસ હતાં. જગદંબાનાં દર્શન વિના ચેન ન હતું. દર્શનની અતિ ઉત્કટ ઈચ્છા તેમને આ વ્રતમાં દૃઢ-અવિચલ રાખે છે. આમ પૂ.શ્રી'મા' બેઠકના શુભારંભે જ મનુષ્યમાત્રનું એકમાત્ર લક્ષ્ય પ્રભુપ્રાપ્તિનું છે અને તે માટે જે કોઈ સાધના કરવી પડે તેને માટેની તૈયારી કરવા શ્રીયોગેશ્વરપ્રભુના જીવનના એક અત્યંત પ્રેરણાદાયક પ્રસંગથી જ સંકેતે છે.

ત્યારબાદ પૂ.શ્રી'મા' 'ભારતનાં શ્રેષ્ઠ નારીરત્નો'ના પુસ્તકમાંથી અવકાશયાત્રી કલ્પના ચાવલા અને અગ્રગણ્ય સમાજસુધારક શ્રીચારુમતીબેન યોદ્ધાનાં પ્રેરણાદાયક જીવનના ઉજ્જવળ અંશોથી સત્સંગીઓના ચિત્તને અજવાળવા વાચનયાત્રાનું આયોજન કરે છે.

એ પછી વિદેશથી પધારેલા મેરેથોન દોડવીર શ્રીસમિતને પાનખરની હાજરીમાં ૫૦૦ તરવરાટભર્યા યુવાનો સામે બેઠા છે એમ કલ્પી લઈ, પોતાના અનુભવોને વર્ણવવા કહે છે. સમિતભાઈ બહુ સહજતાથી પોતાની દોડની વાતો કરે છે અને પોતાના સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય વિજય પાછળ સતત જય 'કૃપાળુ મા'ના જયઘોષ ઉચ્ચારતી પોતાની જીવનસંગિની રક્ષિતા

રહી હોવાની વાત કરી, આગામી માર્ચમાં વૈશ્વિક કક્ષાએ યોજાનારી દોડમાં સફળ થવા પૂ.શ્રી'મા'ના આશીર્વાદ માગી, પોતાની એક એક પ્રાપ્તિ પાછળ પૂ.શ્રી'મા'ની કૃપા રહેલી છે. એનો શ્રદ્ધાટંકાર કરે છે. 'સ્વર્ગારોહણ' મેરેથોનને સ્મરી-સ્મરી, કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. પૂ.શ્રી'મા' પણ છેલ્લે 'પ્રભુ આગળ દોડે છે એમ માની એમને પકડવા દોડો' પ્રત્યેક પગલામાં પ્રભુનું નામસ્મરણ, મંત્ર કે શ્લોક. જેથી મનમાં દોડની પાછળ તાલ હોય હોય એના લયમાં પ્રભુનામ સતત રણઝણ્યા કરે.

૩૧ ડિસેમ્બર 'મા' સમર્પિત અમેરિકાવાસી અર્પિતાની જન્મતારીખ હોવાથી એમનાં મમ્મી તેમજ સમિત ચૉકલેટ લાવ્યાં હતાં. પૂ.શ્રી'મા'એ રોજ મેરેથોન દોડ પછી સ્વર્ગારોહણમાં ચૉકલેટ ખાઓ છો પણ આજે ચૉકલેટ ખાઈ દોડવાનું છે. આવી હળવી રમૂજ પછી પૂ.શ્રી'મા' નાનકડી ઉંમરની દીકરી અર્પિતાને પ્રભુએ મહાગ્રંથ 'પ્રકાશના પંથે'ના અંગ્રેજી અનુવાદ માટે પસંદ કર્યાની વાત કરી, ગૌરવમયી અર્પિતા વિશે શિપ્રાને કંઈક કહેવા અનુરોધ કરે છે. શિપ્રા સરસ કહે છે કે, અર્પિતાની યાદશક્તિ એટલી પ્રખર છે કે વિદેશના સત્સંગો-શિબિરોમાં પૂ.શ્રી'મા'એ કહેલી એક વાત કે વિગત ચૂક્યા વિના તે બધાંની આગળ અંગ્રેજીમાં વ્યક્ત કરે છે. અર્પિતાનું આ અર્પણ અધ્યાત્મક્ષેત્રે અત્યંત બહુમૂલ્ય છે. વળી, તે અને દેવાંગભાઈ અમેરિકામાં પૂ.શ્રી'મા' પધારે ત્યારે આયોજનની પ્રત્યેક જવાબદારી એટલી સુંદર રીતે સંભાળી લે છે કે, પૂ.શ્રી'મા'નાં બધાં જ કલ્યાણકાર્યો બહુ સરસ રીતે સફળ થાય છે. અલબત્ત, અર્પિતાનાં મમ્મીએ સરસ વિનમ્રતાથી કહ્યું કે, 'અર્પિતા મોટી જ થઈ છે 'મા' પાસે !' અર્થાત્ જે કંઈ એની પાસે છે એ 'મા'એ દીધું છે. પણ આવું એક અધ્યાત્મમાર્ગે જાગૃત દંપતી, પોતાના સરળ, મધુર સ્વભાવથી પૂ.શ્રી'મા' અને સત્સંગીઓ વચ્ચે એક મધુર સેતુ બની જઈ, એક અત્યંત ઉમદા સત્કાર્યમાં સતત પ્રવૃત્ત રહી, આપણા સર્વને

પૂ.શ્રી'મા'ના સત્સંગનો પ્રસાદ વહેંચી આપણને કૃતાર્થ કરે છે, એ આપણું સદ્‌ભાગ્ય છે.

ખરેખર, વર્ષાન્તનો એ 'સ્વર્ગારોહણ'માં સત્સંગ ઘણીબધી રીતે પ્રભાવક રહ્યો.

એક તો સત્સંગ માટે આપણી સમક્ષ 'આસનસ્થ' પૂ.શ્રી'મા'ની મૂક ઉપસ્થિતિ જ એટલી મંગલમયી. પ્રસન્નકારી હોય છે કે તેઓશ્રીના પ્રવેશમાત્રથી શાંત-પ્રશાંત અધાત્મના આહ્‌લાદની એક અનુભૂતિ સર્વ ભાવિકોનાં હૃદયમાં વ્યાપી રહે છે. પૂ.'મા' સત્સંગના શ્રીગણેશ ગુરુદેવપ્રભુ શ્રીયોગેશ્વરજીની અમૃતમયી વાણીથી માંડે છે. અને પ્રભુએ પણ આકરી સાધના કરી છે, પ્રભુ પ્રાપ્તિ માટે ! એમ સૂચવી એમના જીવનનો અત્યંત પ્રેરક પ્રસંગ પ્રવચન નિમિત્તે પ્રભુજીના મુખે જ વહેતો કરે છે. ત્યારબાદ, અવકાશ, સમાજ, અને સ્વર્ગારોહણમાં પધારેલા શ્રદ્ધા-પ્રેમસભર વિદેશવાસીની વિશેષ પ્રાપ્તિ એમના સ્વમુખે સંભળાવી, આપણા હૃદયમાં પ્રેમ-સન્માનની લાગણી જન્માવે છે.

અને છેલ્લે માઈકને જેની પ્રતીક્ષા છે એવા વાગ્‌વીરને(!) નિમંત્રી સત્સંગની પૂર્ણાહુતિ કરે છે.

પૂ.શ્રી'મા'નો આ સત્સંગ અન્ય સત્સંગની જેમ જ આપણને બહુ હળવેથી જીવનની સ્થૂળ સપાટી પરથી ઊંચકી, સૂક્ષ્મ તરફ ગતિ કરાવી રહે છે. આપણા જન્મ-જીવન-મૃત્યુની બંધિયાર, જડ મનોદશાને નવો, મંગલમય વળાંક આપી, વ્યર્થ થતા જતા જીવનને સાર્થકતાની દિશા સંકેતે છે.

જીવનના સુખદુ:ખની સાંકડી ગલીમાંથી બહાર કાઢી, આઠે પ્રહર જ્યાં આનંદ જ છે એવી પ્રભુપ્રેમની આહ્‌લાદક આબોહવાની અનુભૂતિ કરાવી 'મા' હંમેશની જેમ, 'દુ:ખ આપણને દીન ન બનાવે, સુખ આપણા ઘમંડને છલકાવે નહિ.'

એની તકેદારી રાખવા મનને ભક્તિમય રાખવા પ્રેરે છે.

—સંકલન

# ॥ હૃદયનું એક જ શાસ્ત્ર છે : પ્રેમ ॥

પ્રેમનો આત્યંતિક અનુભવ પરમાત્મા છે. તમે પ્રેમ કરો એટલે અનુભવશો કે પ્રેમ કરતાં કરતાં પરમાત્મા તમારા દ્વાર પર આવી ગયો.

પ્રેમ કરો પોતાના બાળકોને, પત્નીને, પતિને, મિત્રને, પરિવારને, પ્રિયજનોને, મનુષ્યને, પશુપક્ષીઓને, ફૂલ-છોડને પ્રેમ ફેલાવતા રહો. જેમ તેમ તમારો પ્રેમ પ્રસરતો જશે તેમ તેમ પરમાત્માની ઝલક આવવી શરૂ થઈ જશે. તમારો પ્રેમ વિરાટ થઈ જાય છે. તમે પ્રેમમય થઈ જાઓ છો.

જેમ જેમ તમારો પ્રેમ વધતો જશે તેમ તેમ તમારું અને પરમાત્મા વચ્ચેનું અંતર ઘટતું જશે.

જ્યારે તમે પ્રેમપૂર્ણ થઈ જાઓ છો ત્યારે ધ્યાનપૂર્વક થઈ જાઓ છો અને ધ્યાનપૂર્ણ થઈ જાઓ છો તો પ્રેમપૂર્ણ થઈ જાઓ છે.

પરંતુ જાણો. માનો નહિ.

પ્રેમ બધા પરમાત્માઓનો પરમાત્મા છે.

આ જિંદગીનો કારવાં ચાલી રહ્યો છે, તેમાં પ્રેમ જ છે. પૂરું જગત પ્રેમથી બંધાયેલું છે.

બધી પ્રાર્થનાઓનો હેતુ એક જ છે કે પ્રેમ જાગે

પૂજાપાઠ, વિધિવિધાન, ઉપવાસ વ્રત-ત્યાગ બધું બુદ્ધિની ચાલાકી છે.

હૃદય તો એક જ વિધિ જાણે છે, એનું એક જ શાસ્ત્ર છે પ્રેમ.

ભરોસો સંકલ્પ પર નહિ, સમર્પણ પર કરજો.

પૂરા અસ્તિત્વનો આધાર પ્રેમ છે, ફક્ત પ્રેમ.

'આ પ્રકાશમય સ્રોતથી તને પ્રેમ છે તો એક જ પ્રાર્થના કર.'

પોતાના અહંકારને સમર્પિત કરી દે.

પ્રેમ સાથે જ આપણે પેદા થયા છીએ. પ્રેમ આપણી પ્રકૃતિ છે.

પ્રેમની ત્રણ અવસ્થાઓ છે.

સ્વયંને પ્રેમ, તમારામાંથી સતત પ્રેમ વહેતો રહે ને તમે કરુણામય, સહિષ્ણુ બની એટલા પ્રેમપૂર્ણ થાઓ કે બીજાને રૂપાંતરિત કરી દો.

—સમગ્ર અસ્તિત્વને પ્રેમ કરવો એ જ તો પ્રેમ !

પ્રેમ જીવનની પરમ સમાધિ છે, ઊર્જાનું શિખર છે. જેણે પ્રેમને જાણ્યો, બધું જાણી લીધું.

**—સંકલન**

# શ્રી લાભુબેનની અંતિમ વિદાય



‘ધન્ય જીવન! ધન્ય મુત્યુ!’

# ॥ શાંતિકુલમ્‌ના હે દેવી ! ॥

ૐ

શાંતિકુલમના હે દેવી !

ચૂડીને ચાંદલા સાથે અખંડ સૌભાગ્યશાળી બની, આપે પૃથ્વી ઉપરથી વિદાય લીધી.

કેવી વિદાય ?

ગંગાજળ સાથે 'રક્ષમામ્‌'ના મંત્રના રક્ષાકવચ સાથે શાંતિથી. ઘરમાં જ સૌ સ્વજનોની વચ્ચેથી દેવદૂત સાથે તમે તો શાંતિથી આગળની યાત્રા શરૂ કરી.

તમે પોતે જ તમારા મંગલ મંદિરના દ્વાર જાતે જ ઉઘાડ્યાં ને પોતાના મૃત્યુને મંગલપર્વ બનાવી દીધું.

શ્રીશાંતિભાઈને દાનેશ્વરીનું પદ હે દેવી, તમારા સતત સહયોગથી જ મળ્યું છે. શાંતિભાઈના જીવનમાં પધારી તમે તમારા બધા જ પાઠ ધર્મપત્ની તરીકેના, માતા તરીકેના શ્રેષ્ઠ રીતે ભજવ્યા છે.

તમે તો જાણે શાંતિથી સૌની વચ્ચેથી હસતાં હસતાં ખસી ગયાં. જાણે હવે શાંતિભાઈને શાંતિથી, ચિંતા વગર ભજન કરવાની યોજના ઘડીને આપી દીધી !

ધન્ય જીવન ! ધન્ય મૃત્યુ !

હે દેવી, સૌને આશીર્વાદ આપો. શ્રીશાંતિભાઈને હવે માત્ર ને માત્ર ઠાકુર, પૂ.શ્રીગુરુદેવ પ્રભુને જ ભજવાની શક્તિ આપતાં રહો.

શ્રીશાંતિભાઈના સર્વ સત્કર્મોમાં પગલામાં પગલાં ભરતાં હે દેવી ! શાંતિ પામો.

શાંતિથી, સંતોષ સાથે, સર્વ ફરજો પૂર્ણ કરીને હવે નવા જીવનની નવી મંગલમય યાત્રામાં પરમાત્મા આપને છત્ર ધરતાં રહો.

ફરી ફરી પૃથ્વી ઉપર દેવનાં કાર્યો કરવા પ્રેમથી આ પરિવારમાં પધારજો. દેવોના દેવના શ્રીઅંકે વિશ્રામ પામો.

હે દેવી, સૌએ તમારી સંભાળ રાખી છે. સરસ સેવા કરી છે છતાં તમારી સેવામાં કંઈ ખોટ લાગી હોય તો બધાં જ સ્વજનોને ક્ષમા કરજો.

'ગૃહસ્થ સાધુ' સમા શ્રીશાંતિભાઈની હાજરીમાં નવજીવનના મંગલ મંદિરમાં શાંતિથી આગળ વધો. જીવનભર શ્રી બાલકૃષ્ણની

સેવા પૂજા કરી આપે પરમાત્માની કૃપા પ્રાપ્ત કરી છે તો જ આવું મંગલ મૃત્યુ મળ્યું છે. જાણે બાલકૃષ્ણે તમારી પૂજા સ્વીકારી છે.

હે દેવી, તમે વિજયભાઈ જેવા એક જ પુત્રને જન્મ આપી માતૃત્વ સફળ કર્યું છે દેવદરબારેથી તમે વિજયભાઈને પ્રસાદમાં પૃથ્વી ઉપર ઉતાર્યા છે. જે બાળકે શ્રવણકુમાર બની તમને હાશ ધરી છે.

હે માતા, તમારા આ શ્રેષ્ઠ આદર્શ સંતાન વિજયભાઈને વિશેષ આશીર્વાદ આપજો જેથી એ ગૃહસ્થી સાધુ સમા પિતાને પ્રેમથી પ્રસન્ન કરીને સેવાથી સંભાળી શકે.

હે દેવી, તમારા બધા જ સાત્ત્વિક સપનાં પરમાત્મા પૂર્ણ કરે હે દેવી, તમારી સર્વ સાંસારિક ઈચ્છા શાંત થાઓ તમારી ત્રણે દીકરીઓ ઉપર પ્રેમ વરસાવતાં રહેજો.

તમારા સર્વ મમત્વના તાર કપાઈ જાવ. મુક્ત બની શાંતિથી તમારી નવજીવનની યાત્રા શ્રીબાલકૃષ્ણના શ્રીઅંકે પરમશાંતિથી પૂર્ણ થાવ.

હે દેવી, તમારા સંપૂર્ણ સહયોગથી શ્રીશાંતિભાઈ ધારેલાં સત્કર્મો કરી શક્યા છે. આભાર હે દેવી, આપે સાચા અર્થમાં ધર્મપત્ની બની ગૃહસ્થાશ્રમ દીપાવ્યો છે.

હે દેવી, તમારા જીવનના કેટલાંક વરસો સ્તુતિ, તેજસભાઈ ને સત્યમ સાથે વીત્યાં એ ત્રણે બાળકોએ તમને હાશ ધરવાના શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા છે. એ ત્રણેયને તમારા વહાલભર્યા, આશીર્વાદભર્યા નેત્રોથી સતત રક્ષાયેલા રાખી ખૂબ ખૂબ આશીર્વાદ આપજો જેથી શ્રીશાંતિભાઈને સરસ રીતે સંભાળી શકે.

હે દેવી, તમારા નવજીવનના માર્ગે સર્વ દેવી-દેવતા પુષ્પો પાથરતાં રહે, છત્ર ધરતાં રહે હે સૂર્યનારાયણ ! આપ આ નવા મંદિરના નવા પંથને પ્રકાશ ધરતાં રહેજો.

શ્રીઠાકુર શ્રીગુરુદેવ પ્રભુના દર્શન કરવા હજી પણ તમારી માનસિક પૂજા ચાલુ જ રહે.

હે દેવી, શાંતિ પામો. જીવન ધન્ય. મૃત્યુ મંગલ. હાશની પરબડી બની હે દેવી, આગળ ને આગળ યાત્રા કરતાં રહો.

શાંતિભાઈ જેવા પતિદેવ પામી જીવન ધન્ય થયું છે. શાંતિ પામો.

શ્રદ્ધા ભક્તિથી યાત્રા રક્ષાયેલી રહો.

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ 'હવેના બધા જ શ્વાસો ઠાકુર માટે જ' ॥

## (શ્રીશાંતિભાઈ કનેરિયા)

ॐ

હે ઠાકુરદ્વારના શ્રેષ્ઠ પૂજારી,
ગૃહસ્થી સાધુ, સંન્યાસ
જીવનના ઉંબરે ઉભેલા
હે શાંતિભાઈ !

તમે તો તમારી ગૃહદેવીને સૌભાગ્ય સાથે વિદાય આપી. ધર્મપતિ તરીકે તમારો પાઠ શ્રેષ્ઠ.

હે ગૃહદેવી, આપ આપના આ ધર્મપતિ પાસે ખૂબ ખૂબ ભજન કરાવી જીવનમુક્ત કરી દેવા શક્તિ ધરતાં રહેજો.

ગૃહદેવીના સથવારે આપણે જીવનમાં પ્રત્યેક પગલે સફળ થતા રહ્યા. હવે આ જીવનનો સાંસારિક પાઠ પૂરો થયો.

હવે વિસ્તારથી વિરામ. હવે શાંતિભાઈ પોતાના ઠાકુરને જ યાદ કરે. ઠાકુરની જ પ્રદક્ષિણા કરે ઠાકુરને જ વધાવવા, પચાવવા પ્રયત્ન કરે.

હવે આપણને કોઈની ચિંતા નથી. ગૃહદેવીની સંભાળની ચિંતા હતી તે પણ ઠાકુરે લઈ લીધી. ઠાકુર હવે ગૃહદેવીને સંભાળશે એના શ્રીઅંકે પરમશાંતિ ધરશે.

આપણે હવે પૂર્ણ પણે પરમાત્માને સમર્પિત થઈ જઈએ. મુક્ત જીવન દેવીએ હવે ધરી દીધું છે તો શેષ જીવન સજાવી લઈએ.

સત્કર્મોથી સુગંધિત બનેલું આપણું જીવન હવે ભજનાનંદથી ઉભરાતું થઈ જશે.

બસ. હવેના બધા જ દિવસો, બધા જ કલાકો, બધી જ સેકન્ડ, બધી જ ક્ષણો, બધા જ શ્વાસો, ઠાકુર માટે જ.

હે ઠાકુર, અમારા સૌના પૂજ્ય, પ્રિય શાંતિભાઈને પૂર્ણ આરોગ્ય તન, મનનું ધરીને ભક્ત શ્રેષ્ઠ, આદર્શ ગૃહસ્થયોગી, સંન્યાસજીવનના પવિત્ર માર્ગે પ્રેમથી પગલાં ભરાવતાં રહો સંસારના સર્વ તાંતણાને હે ઠાકુર, આપનાં શ્રીચરણોમાં બાંધી દો હે મુક્ત જીવનના યાત્રી, વંદન હો, વંદન હો, વંદન હો.

‘કહત કબીરા
સુનો ભાઈ સાધુ,
જેણે જોડી’તી
તેણે તોડી રે
અપના કોઈ નહિ.
બિના રામ રઘુરામ
બિના ભજન
ભગવાન રે
અપના કોઈ નહિ.’

ૐ શાંતિ શાંતિ શાંતિ

**—શ્રી‘મા’ સર્વેશ્વરી**